RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-161 ■ DATE : 16-10-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


**સુવિચાર**

ઈશ્વર માનવીને લાયકાત કરતાં વધારે સુખ નથી આપતો, પણ સહનશક્તિ કરતાં વધારે દુ:ખ પણ નથી આપતો...



ટ્રાવેલ્સના ધંધાર્થીએ બોગસ GST નંબરનો ઉપયોગ કરી રૂ.૪.૬૨ કરોડની કરી છેતરપીંડી P-4

# કાલે ગુજરાત રાજયના મંત્રીમંડળનું જમ્બો વિસ્તરણ

**નવા મંત્રીમંડળનું કાઉન્ટડાઉન શરૂઃ આજે સાંજે અનેક મંત્રીઓ રાજીનામું આપે તેવી સંભાવનાઃ મહાત્મા મંદિરે યોજાશે શપથ સમારોહઃ સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ વધશેઃ ફકત ચારથી પાંચ મંત્રીઓની ખુરશી સલામત**




**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં લાંબા ઈન્તજાર બાદ હવે રાજયની ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળમાં કાલે મોટા પાયે ફેરબદલ કરવામાં આવશે. આ સપ્તાહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માની દિલ્હી મુલાકાત બાદ આ ફેરબદલનો તખ્તો તૈયાર થઈ ગયો હતો અને આવતીકાલે સવારે ૧૧.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રત નવા મંત્રીઓને હોદા તથા ગુપ્તતાના શપથ લેવરાવશે જેમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા તથા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ ખાસ ઉપસ્થિત રહેશે.

૨૦૨૨માં ૧૫૬ બેઠકોના પ્રચંડ વિજય સાથે ભુપેન્દ્ર પટેલ ૨.૦ સરકારે શપથ લીધા બાદ ફકત ૧૭ સભ્યોનું મંત્રીમંડળ રાજયમાં અઢી વર્ષ જેટલા સમયથી શાસન ચલાવી રહ્યું છે પણ હવે મીડ-ટર્મ પોલીટીકલ, રીવ્યુ, ખાસ કરીને આગામી વર્ષે યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી સંદર્ભમાં આ ફેરફાર મહત્વના બની રહેશે તથા સૌરાષ્ટથી સુરત સુધી ઉભરી રહેવા 'આપ' તથા લેઉવા પટેલ ફેકટર રાજકીય વાતાવરણમાં જે વિસાવદરવાળી શબ્દ જે રીતે વાયરલ બન્યો છે.

તેથી રાજયના મંત્રીમંડળમાં થનારા ફેરફાર પણ સૂચક બની રહેશે. આવતીકાલના ફેરફારમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પુરી સ્ટ્રેન્થ અપાય તેવા સંકેત છે. આજે પક્ષના રાષ્ટ્રીય નિરીક્ષક શ્રી સુનિલ બંસલ ગાંધીનગર પહોંચી ગયા છે. તેઓ પુરા દિવસ ભાજપના ધારાસભ્યોને મળશે અને તેઓ સાથે હવે તેઓના મન પણ જાણશે. નવા મંત્રીમંડળમાં હવે કુલ ૨૨-૨૩ મંત્રીઓ હશે. જૂના ચહેરાઓમાં ત્રણ થી ચાર મંત્રીઓજ સ્થાન જાળવી રાખે તેવી ધારણા છે.

મંત્રીમંડળમાં ફેરફારના સંદેશ મળતા જ હવે ભાજપના ધારા-સભ્યોમાં જબરી રાજકીય ઉતેજના સર્જાઈ ગઈ છે અને અગાઉ જેમ પાટીલ ફોર્મ્યુલાથી જેમ મંત્રીમંડળનો પુરો ચહેરો બદલી નખાયો હતો તે સ્થિતિ જો કે હવે નહી સર્જાય તેવા સંકેત છે પણ જેઓને પડતા મુકવાના છે.

તેઓને સાંજ સુધીમાં તેમના રાજીનામા મુખ્યમંત્રીને પહોચાડી દેવા જણાવાયુ છે અને નવા ચહેરાઓને રાત્રી સુધીમાં જાણ કરી દેવાશે. જેઓને રાજીનામા આપવા જણાવ્યુ છે તે મંત્રીઓ નર્વસ જેવી સ્થિતિમાં હોવાનું ગાંધીનગરમાં ચર્ચાઈ રહે છે તો જેઓને સી.એમ. ઓફિસના કોલની આશા છે. તેઓ પોતાનો મોબાઈલ હાથમાંથી મુકતા નથી.

કેબિનેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી રાઘવજી પટેલ, પાણીપુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા, પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, શિક્ષણમંત્રી કુબેર ડિંડોર અને સામાજિક ન્યાય અને અધિકારિ-તામંત્રી ભાનુબેન બાબરિયા, ઉપરાંત રાજ્યકક્ષાના જે મંત્રીઓ પડતા મુકાવાની શક્યતા છે. એમાં મત્સ્ય અને પશુપાલના મંત્રી પુરુષોત્તમ સોલંકી, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ, વન અને પર્યાવરણમંત્રી મુકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર તથા આદિજાતિ વિકાસમંત્રી કુંવરજી હળપતિનો સમાવેશ થાય છે.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયાને પ્રમોશન મળશે, ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યથાવત રહેશે

પૂર્વ મંત્રી અને સહકારી ક્ષેત્રના માંધાતા ગણાતા જયેશ રાદડિયા, હાલના વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર, એલિસબ્રિજના અમિત પોપટલાલ શાહ, હાલના રાજ્યકક્ષાના મંત્રી પુરુષોત્તમ સોલંકીના નાના ભાઈ હીરા સોલંકી(રાજુલા), સાવરકુંડલા ધારા-સભ્ય મહેશ કસવાલા અથવા તો અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયા, ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં ધર્મપત્ની અને જામનગરનાં ધારાસભ્ય રીવાબા જાડેજા અને કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને ચૂંટણી જીતેલા પોરબંદરના બોલકા ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા અને માંડવી-કચ્છના ધારાસભ્ય અનિરૂદ્ધ દવે, ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ, લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલ તથા નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈનો સમાવેશ થઈ શકે છે. ઉપરાંત કોંગ્રેસમાંથી આવેલા અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને સી. જે. ચાવડાને મંત્રીપદ મળે એવી શક્યતા પણ જોવાઈ રહી છે. આ ઉપરાંત ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી પણ સામેલ થશે.

સચિવાલયમાં ચર્ચા છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અમદાવાદના છે. જ્યારે સૌરાષ્ટની જાણે બાદબાકી થઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે. ઉપરાંત ના ગોપાલ ઈટાલિયા સૌરાષ્ટમાં આગળ વધી રહ્યા છે. આ સંજોગોમાં સૌરાષ્ટને વધુ તક મળશે એ પણ નિશ્ચિત છે. એમાં જયેશ રાદડિયા અને જીતુ વાઘાણીને કેબિનેટમાં સ્થાન મળવાનું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

જોકે પૂર્વ પ્રમુખ અને પૂર્વ મંત્રી જીતુ વાઘાણીને હોમ ડિપાર્ટમેન્ટ મળી શકે છે. એવી ધારણા થઈ છે કે મંત્રીમંડળના આ વિસ્તરણમાં સૌરાષ્ટના ધારાસભ્યોને વધુ મહત્ત્વના પદ અપાશે. ખાસ કરીને પાટીદારોને વધુ મહત્ત્વ મળશે.


## ભારત ટુંક સમયમાં જ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરશેઃ ટ્રમ્પનો દાવો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

રશિયાથી ઓઈલની ખરીદીને લઈને અમેરિકાના ભારત સાથેના તનાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન કરતા જણાવ્યું છે કે ભારત ટુંક સમયમાં જ રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરશે.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ આશ્વાસન મને ખુદ વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત આપ્યું છે. આ બાબતને તેમણે રશિયા પર દબાણ વધારવાની પોતાની કોશિશનો ભાગ બતાવી હતી. જો કે આ મામલે ભારત તરફથી વડાપ્રધાન મોદી તરફથી કોઈ અધિકૃત પુષ્ટિ નથી થઈ.

ટ્રમ્પે જણાવ્યું હતું કે આ એ પદ્ધતિ છે જેથી રશિયાને વિખુટું પાડી શકાય છે. ઓવલ ઓફીસમાં પત્રકારોના સવાલના જવાબ આપતા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે વડાપ્રધાન મોદી મારા એક સારા મિત્ર છે અને અમારા બન્ને વચ્ચે શાનદાર સંબંધ છે.



તેમણે વધુમાં કહ્યું હતું કે ભારત ટુંક સમયમાં જ ભારત રશિયાથી ઓઈલની ખરીદી બંધ કરી દેશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આવું આશ્વાસન તેમને ખુદ વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત રીતે આપ્યું છે. ટ્રમ્પે કહ્યું હતું કે ભારતનું આ મોટુ પગલુ છે. હવે આપણે ચીનને પણ આમ કરવા માટે કહેવું પડશે.

આ દરમિયાન ટ્રમ્પે ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોર અને પીએમ મોદીની હાલની બેઠક પર પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મને લાગે છે કે પીએમ મોદી શાનદાર અને મહાન વ્યક્તિ છે.

સર્જિયોએ મને જણાવ્યું હતું કે, મોદી મને પસંદ છે. હું વર્ષોથી ભારતને જોતો આવ્યો છું. પહેલા દર વર્ષે એક નવા નેતા આવતા જે કેટલાક મહિના કે કેટલાક વર્ષો સુધી રહેતા. પરંતુ હવે મારો મિત્ર ઘણા લાંબા સમયથી સત્તામાં છે. તેણે મને ભરોસો આપ્યો છે કે તે રશિયાથી ઓઈલ નહી ખરીદે. આ ફેરફાર તરત લાગુ નહીં થાય પણ કેટલાક સમયમાં તેનો પ્રભાવ પડશે.

જો કે ટ્રમ્પના આ દાવાની ભારત સરકાર તરફથી કોઈ અધિકૃત પુષ્ટિ નથી થઈ. વોશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસે આ મામલે તરત કોઈ જવાબ નથી આપ્યો કે વડાપ્રધાન મોદીએ આવું કંઈ કહ્યું છે કે નહી.

ઉલ્લેખનીય છે કે, જો ભારત રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દે તો ભારત હાલની સમજુતી અંતર્ગત મધ્યપુર્વી ઉત્પાદકો તરફ પરત ફરી શકે છે. આ સમજુતીના લચીલાપણાનો લાભ ઉઠાવીને ઘટને પુરી કરી શકે છે.

## પત્ની તેના પતિને ભમરડાંની જેમ ફેરવી ન શકેઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે વિવાહિત વિવાદની સુનાવણી દરમિયાન કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે, પત્ની તેના પતિને ભમરડાની જેમ ફેરવી ન શકે. કારણ કે, પારિવારિક ઝઘડામાં સૌથી વધુ નુકસાન બાળકોને થાય છે, એટલે પતિ- પત્ની બંનેને પોતાના અંહકારને છોડીને બાળકોના ભવિષ્યને પ્રાથમિકતા આપવી જોઈએ.

આ ટિપ્પણી જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે એ સમયે કરી જ્યારે, તેમની સામે એક સરકારી નોકરી કરતાં દંપત્તિનો મામલો સામે આવ્યો. પતિ દિલ્હી રેલવેમાં કાર્યરત છે. જ્યારે પત્ની પટનામાં રિઝર્વ બેંકમાં નોકરી કરે છે અને તેમના માતા -પિતા તેમની સાથે રહે છે.

આ દંપત્તિના લગ્ન વર્ષ ૨૦૧૮માં થયા હતા. તેમને બે બાળકો છે, એક પાંચ વર્ષની દીકરી અને ત્રણ વર્ષનો દીકરો છે. બંને ૨૦૨૩થી અલગ રહે છે. પતિનું કહેવું છે કે, તે સાસરે રહેવા નથી માંગતી, જ્યારે પત્ની અને તેના પરિવારે પતિ પર કેસ દાખલ કર્યો છે.

પતિ-પત્નીના વચ્ચે વધતા વિવાદના કારણે હવે તેમના બાળકો પણ માનસિક તણાવમાં છે. જ્યારે આ મામલો સુપ્રીમ કોર્ટની સામે આવ્યો તો બંને પક્ષોને સમજાવવાની કોશિષ કરવામાં આવી હતી.

સેપરેશન કેસ એટલે પતિ-પત્ની વચ્ચેનો એવો કાયદેસરનો કેસ, જેમાં બંને વ્યક્તિ એકબીજાથી અલગ રહેવાની મંજૂરી માંગે છે, પરંતુ તલાક લેતા નથી. એટલે કે, સેપરેશન કેસ એ પતિ-પત્ની વચ્ચે વધતા તણાવ અથવા મતભેદને કારણે સાથે ન રહેવાનો નિર્ણય કાયદેસર રીતે માન્ય કરાવવાનો કેસ છે.

જેમાં બંને વ્યક્તિ અલગ રહી શકે, પરંતુ લગ્નનો કાયદેસર સંબંધ યથાવત રહે છે, અને કોર્ટ દ્વારા નક્કી થાય કે બાળકોની કસ્ટડી, ભરણપોષણ, મિલકત વગેરે કેવી રીતે વહેંચાશે. આવા કેસમાં લગ્ન યથાવત રહે છે, એટલે કે છુટાછેડા લેવામાં આવતા નથી.

## રાજયના મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનું વજન કેટલું વધશે ?

**જયેશ રાદડીયા, અર્જુનભાઈ મોઢવાડીયા, રીવાબા જાડેજા, જીતુ વાઘાણી તેમજ દર્શિતા શાહના નામ ચર્ચામાં**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે સવારે ૧૧.૩૦ કલાકે ગુજરાત સરકારના મંત્રી મંડળનું વિસ્તરણ થવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાંથી હવે કોનું પ્રતિનિધિત્વ રહેશે અને વધશે તેની અટકળો તેજ બની છે. વર્તમાન મંત્રી મંડળમાંથી સૌરાષ્ટ્રના ચારેક પ્રધાનો પડતા મૂકવામાં આવે અને તેની જગ્યાએ નવા જુના જોગીઓને ટીમમાં સામેલ કરવામાં આવે તેવા સંજોગો હાલ દેખાઇ રહ્યા છે. છતાં કાલે સવારે દિલ્હી નેતાગીરીની હાજરીમાં સરપ્રાઇઝ થવાની શકયતા પણ નકારાતી નથી.

રાજ્ય સરકારની ટર્મ શરૂ થઇ ત્યારે એસ.સી/એસ.ટી. દલિત સમાજમાંથી રાજકોટના ધારાસભ્ય ભાનુબેન બાબરીયાને કેબીનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. બિનવિવાદાસ્પદ મંત્રી તરીકે તેમણે કામ કરેલું છે. પરંતુ હવે કેબીનેટ વિસ્તરણ વખતે તેમને પડતા મુકવામાં આવે તેવી શકયતા જોવામાં આવી રહી છે. રાજકોટમાંથી અન્ય ત્રણ ધારા-સભ્યો ડો.દર્શિતા શાહ, ઉદય કાનગડ અને રમેશ ટીલાળાના નામ આ ફેરબદલ થાય તો આગળ આવશે. ભાનુબેન બાબરીયાને કેબીનેટમાંથી વિદાય આપવામાં આવે તો રાજકોટનું પ્રતિનિધિત્વ રાજય સરકારમાં કોણ કરશે તે વાત મહત્વની બનશે.

પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીના કાર્યકાળથી રાજકોટનો દબદબો સરકારમાં રહેલો હતો. હવે નવી કેબીનેટમાં રાજકોટના પ્રતિનિધિત્વ અંગે ચર્ચાઓ થવા લાગી છે. રાજકોટમાંથી ભાનુબેન બાબરીયા ઉપરાંત જામનગર જિલ્લામાંથી રાઘવજીભાઇ પટેલની પણ વિદાય થઇ શકે છે. તેમની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી આ ચર્ચા ચાલે છે. ઉપરાંત આહિર સમાજના સિનિયર મુળુભાઇ બેરા અને મંત્રી પરસોતમભાઇ સોલંકીની પણ મંત્રી મંડળમાંથી વિદાય થઇ શકે છે.

હાલ નવા મંત્રીઓમાં રાજકોટ-સૌરાષ્ટ્રના કોણ હશે તે ચર્ચા હોટ બની છે. કોંગ્રેસમાંથી આવેલા પોરબંદરના સીનીયર ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડીયાનું સ્થાન કેબીનેટમાં નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. પાટીદાર સમાજમાંથી ધારાસભ્ય જયેશભાઇ રાદડીયાને કેબીનેટમાં જગ્યા મળી શકે છે. તો અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાનું નામ પણ મંત્રી તરીકે આવે તો નવાઇ નહી રહે તેવું જાણકારો કહે છે. પૂર્વ શિક્ષણ મંત્રી ભાવનગરના જીતુભાઇ વાઘાણીને ફરી કેબીનેટમાં તક મળવાના સંજોગો સર્જાયા છે. તો જામનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ ધારાસભ્ય રીવાબા જાડેજા કેબીનેટમાં કરી શકે છે. આવા અમુક ઉલટફેર થાય તો તે પાછળના ગણિત ખુબ ઉંડા હશે તેવું સમીક્ષકો જણાવે છે.

રાજકોટથી જો ભાનુબેન બાબરીયાને પડતા મુકવામાં આવે તો દલિત સમાજથી માંડી મહિલા પ્રતિનિધિત્વનું મોટુ સંતુલન પાર્ટીએ કરવાનું થશે. ડો.દર્શિતા શાહ, રીવાબા જાડેજા સૌરાષ્ટ્રમાંથી મહિલા પ્રતિનિધિ બની શકે તેમ છે. કેટલાક નવા જુના નામો હાલ ખુબ સ્પર્ધામાં છે. પરસોતમભાઇ સોલંકીના સ્થાને તેમના ભાઇ હિરાભાઇ સોલંકીને કેબીનેટમાં સ્થાન મળશે તેવું પણ ગાંધીનગરના સુત્રો કહી રહ્યા છે.

## દેશના લોકો જ અમારી પ્રાથમિકતા...: ટ્રમ્પના દાવાઓ સામે ભારત સરકારનો સ્પષ્ટ જવાબ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ભારતે રશિયામાંથી ક્રૂડની ખરીદી અટકાવી દીધી છે. આ દાવા પર કેન્દ્ર સરકારે સ્પષ્ટતા આપી છે કે, અમારી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે. વિદેશ મંત્રાલયે આજે ફરી એકવાર અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધુ છે કે, ભારત મોટાપાયે ક્રૂડ અને ગેસની આયાત કરે છે. અમારી પ્રાથમિકતા આ ભારે અસ્થિરતા ધરાવતા માર્કેટમાં ભારતીય ગ્રાહકોનું હિત ધ્યાનમાં રાખવાની છે. અમારી આયાત પોલિસી સંપૂર્ણપણે આ ઉદ્દેશ પર આધારિત છે. અમે અન્ય કોઈ પરિબળોથી પ્રભાવિત થઈ નિર્ણય લેતા નથી.

કેન્દ્ર સરકારનો આ જવાબ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના વધુ એક દાવાને ખોટો ઠેરવી રહ્યો છે. અગાઉ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સીઝફાયર દરમિયાન દાવો કર્યો હતો કે, તેમની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયુ છે. ત્યારે પણ ભારતે અને બાદમાં પાકિસ્તાને સ્પષ્ટતા આપી હતી કે, આ સીઝફાયરમાં કોઈની મધ્યસ્થી સ્વીકારવામાં આવી નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, અમે માર્કેટની સ્થિતિના આધારે જુદા-જુદા દેશો સાથે ડીલ કરીએ છીએ. અમેરિકાની વાત કરીએ તો અમે તેની પાસેથી પણ છેલ્લા થોડા વર્ષથી ક્રૂડની ખરીદી કરી છે. આ ખરીદી છેલ્લા એક દાયકામાં ઝડપથી વધી છે. વર્તમાન વહીવટીતંત્રે પણ ભારતની સાથે ઉર્જા સંબંધોને પ્રોત્સાહન આપવા પ્રાથમિકતા આપી છે. ઉલ્લેખનીય છે કે, પહેલાં પણ જ્યારે અમેરિકા તથા યુરોપિયન દેશો તરફથી રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાના સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારે ભારતે જવાબ આપ્યો હતો કે, આવા કોઈ પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવશે નહીં.

ભારતે અનેક વખત કહ્યું છે કે, યુરોપ પણ રશિયા પાસેથી સૌથી વધુ ગેસની ખરીદી કરે છે. તેણે પહેલાં તો પોતાની રશિયા સાથેની ડીલ બંધ કરવી જોઈએ. જો તે એવુ નથી કરી શકતુ તો તેને ભારત પર સવાલ ઉઠાવવાનો કોઈ અધિકાર નથી.

## ફકત ગણતરીના કલાકોમાં ચેક ક્લિયરિંગનું ટાઇ ટાઇ ફીશ...!

**આગામી ૩ જાન્યુઆરીથી ચેક ઝડપથી ક્લિયર થશેઃ આરબીઆઈની સ્પષ્તા**

**મુખ્ય સમાચાર, મુંબઇ**

બેંકિંગ ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારા અંતર્ગત ગ્રાહકોને સારી અને ઝડપી સુવિધા મળે તે માટે આરબીઆઈ દ્વારા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમાં પણ બેંક દ્વારા પણ નક્કી કરેલા નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે આરબીઆઈ દ્વારા ૨૪ કલાકમાં ચેક ક્લિયર થઈને ખાતામાં જમા થઈ શે તેવી જાહેરાત કરી છે. જોકે પ્રથમગ્રાસે મક્ષિકા જેવી હાલત હાલમાં તે નિર્ણયની થઈ રહી છે. ત્યારે ૩ જાન્યુઆરીથી ત્રણ જ કલાકમાં ચેક પાસ થઈને ખાતામાં નાણાં જમા થઇ જવાની જાહેરાત કરવામાં આવી છે. આરબીઆઈ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે ચાહકો દ્વારા બેંકમાં ચેક જમા કરાવે તો તેનો ચેક ૨૪ કલાકમાં કિલયર થઇ જશે. તેનો અમલ ઓક્ટોબર માસથી કરી દેવામાં આવ્યો છે. જોકે હજુ સુધી આ સિસ્ટમ યોગ્ય રીતે શરૂ થઈ નહીં શકવાના કારણે કેટલીય બેંકમાં ચેક જમા કરાવવામાં આવે તો ૨૪ કલાકના બદલે પાંચથી છ દિવસે ખાતામાં નાણાં જમા થઈ રહ્યા હોવાનો કકળાટ શરૂ થયો છે. તેના કારણે જ પહેલા જે સિસ્ટમથી ચેક પાસ કરવામાં આવતા હતા તેને દિવાળી પૂરતી કાર્યરત રાખવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. જોકે તેમાં સુધારા કરવામાં આવી રહ્યા છે. તેમજ આગામી દિવસોમાં ૨૪ કલાકમાં જ નાણાં ખાતામાં જમા મળી જાય તે માટે ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું જાણકારો કહી રહ્યા છે. ૩ હજુ તે સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત થઈ શકી નથી. ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આગામી જાન્યુઆરીથી ગણતરીના ત્રણ જ કલાકમાં ચેક ખાતામાં નાંખ્યા બાદ ચેક નાંખનારના ખાતામાં રૂપિયા જમા થઈ જાય તેવી સુવિધા આપવા માટેની જાહેરાત કરી છે.

## દિવાળી પૂર્વે સોના-ચાંદીમાં તેજી યથાવત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોના ચાંદીમાં તેજી યથાવત છે.તહેવાર પૂર્વે સોના ચાંદીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે. ગઈકાલે સોનામાં રૂ ૧૦૦૦ વધ્યા હતા.જેને પરિણામે તેજીનો માહોલ છવાયો છે.અક્ષય તૃતીયાના દિવસે પણ સોના ચાંદીની ખરીદી જરૂરિયાત મુજબ થઈ હતી.ઊંચા ભાવ અને ચાંદીની અછતના કારણે લોકો અને વેપારીઓ મૂંઝવણમાં મૂકાયા છે. આગામી દિવસોમાં ધનતેરસ દિવાળી જેવા પર્વો આવી રહ્યા છે આથી ખરીદી પર મોટી અસર જોવા મળશે. અત્યાર સુધી સોના ચાંદીના ભાવ આ સ્તરે પહોંચ્યા જ નથી.

રાજધાનીના બુલિયન બજારમાં બુધવારે સતત ત્રીજા કારોબારી સત્રમાં



સોનાના ભાવ ૧,૦૦૦ રૂપિયા વધીને ૧,૩૧,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, મંગળવારે ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતું સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૦,૮૦૦ રૂપિયા પર બંધ થયું હતું. સ્થાનિક બુલિયન બજારમાં, ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતું સોનું ૧,૦૦૦ રૂપિયા વધીને ૧,૩૧,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે તેનો અગાઉનો બંધ ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૦,૨૦૦ રૂપિયા હતો.

જોકે, ચાંદીના ભાવ તેના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી રૂ. ૩,૦૦૦ ઘટીને રૂ. ૧,૮૨,૦૦૦ પ્રતિ કિલો થયા (બધા કર સહિત). મંગળવારે, ચાંદીના ભાવ રૂ. ૬,૦૦૦ વધીને રૂ. ૧,૮૫,૦૦૦ પ્રતિ કિલોના નવા શિખર પર પહોંચ્યા હતા. વિશ્લેષકોના મતે, સોનામાં રેકોર્ડ ઉચ્ચતમ સ્તર વૈશ્વિક ભાવમાં તીવ્ર વધારો અને સ્થાનિક ભૌતિક અને રોકાણ માંગમાં વધારાને કારણે હતું.

તહેવારોની મોસમ દરમિયાન ભાવમાં વધારો ચાલુ રહેવાની ધારણા છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ ઔંસ દીઠ ૪,૨૧૮.૩૨ ના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે.

## દવાઓ અને ચિકિત્સાની સુરક્ષા અને ગુણવત્તા બાબતે સખ્ત નિયમો બનાવાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તાજેતરમાં મધ્યપ્રદેશમાં ઝેરી કફ સિરપથી ૨૦થી વધુ બાળકોના મોત થયા બાદ કેન્દ્ર સરકાર દવાઓ અને ચિકિત્સા ઉત્પાદનોની સુરક્ષા અને ગુણવત્તા નિયંત્રણ સાથે સંકળાયેલા નિયમો સખ્ત બનાવવા નવા કાયદા તૈયાર કરી રહી છે. ભારતીય ઔષધિ મહા નિયંત્રક (ડીસીજીઆઈ) ડો. રાજીવ રઘુવંશીએ સ્વાસ્થ્ય મંત્રાલયની એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં મંગળવારે તેનો મુસદ્દો-ડ્રાફટ રજૂ કર્યો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠક



દરમિયાન ડીસીજીઆઈ અને કેન્દ્રીય ઔષધી ધોરણ નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)એ પ્રસ્તાવિત કાયદાની રૂપરેખા રજુ કરી હતી. રજુ કરાયેલ ડ્રાફટ ડ્રગ્સ મેડિકલ ડિવાઈસીસ એન્ડ કોસ્મેટિકસ એકટ ૨૦૨૫ સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ નવો કાયદો ૧૯૪૦ના ડ્રગ્સ એન્ડ કોસ્મેટિકસ એકટની જગ્યા લેશે. અને તેને આંતર રાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ વિકસિત કરાયો છે. જેનો ઉદેશ દવા નિર્માણથી માંડીને બજારમાં વિતરણ સુધી જવાબદારી અને પારદર્શિતા નિશ્ચિત કરવાનો છે. નવા કાયદા કાનૂન અંતર્ગત સીડીએસઓને પહેલી વાર નકલી કે ખરાબ દવાઓ સામે તરત કાર્યવાહી કરવાનો અધિકાર મળશે. નવો વિધેયક સીડીએસસીઓને કાનૂની અધિકાર આપશે જેનાથી તે દેશમાં ઘરેલુ અને નિકાસ બન્ને માટે નિર્મિત દવાઓ, ચિકિત્સા સાથેના અને સૌંદર્ય પ્રસાધનોની ગુણવત્તાની સખ્ત તપાસ અને વોચ નિશ્ચિત થઈ શકે.

# જામનગરમાં યોજાયેલા સ્વદેશી મેળામાં ઈકો ફ્રેન્ડલી વસ્તુઓ બની લોકોના આકર્ષણનું કેન્દ્ર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં યોજાયેલા સ્વદેશી મેળામાં ઈકો ફ્રેન્ડલી વસ્તુઓ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે. હેન્ડીક્રાફટની આઈટમોના સ્ટોલ પર નિધિબેન દવે નામના મહિલા દ્વારા ઈકો ફ્રેન્ડલી વસ્તુઓ બનાવવામાં આવે છે.

તેઓ જ્યુટ માંથી વિવિધ ડીઝાઈનના પર્સ, કીચેઈન સહીત સુશોભનની વસ્તુઓ બનાવે છે. જ્યુટ એટલે કે શણ માંથી બનાવેલી વસ્તુઓ જે ટકાઉ હોય છે અને સાથે સાથે ઈકો ફ્રેન્ડલી પણ હોય છે.નિધિબેન દવે જણાવે છે કે, જામનગર મહાનગરપાલિકા દ્વારા અમને સ્વદેશી વસ્તુઓના વેચાણ માટે વિનામૂલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યો છે.

અહીં હું ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનું વેચાણ કરું છું. જેમાંથી જ્યુટ માંથી બનાવેલા અલગ અલગ બેગ અને પર્સ, કીચેઈન અને ફ્લાવર્સ છે. જેનું અહીં વેચાણ કરીએ છીએ. ભારત સરકારનો હું આભાર વ્યક્ત કરું છું કે, દિવાળીના તહેવાર દરમિયાન સ્વદેશી અભિયાનને વેગવંતુ બનાવી અમારા જેવા ઘણા લોકોને રોજગારી પ્રાપ્ત કરવાનો મોકો મળ્યો છે. આપણે સૌએ સ્વદેશી અભિયાનના સૂત્રને સાર્થક કરવું જોઈએ. મારા સ્ટોલ પર પણ ઘણા બધા ગ્રાહકો આવે છે અને મને સારી આવક મળી રહી છે.

# જોડિયા તથા લાલપુર ખાતે 'કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫' ની ભવ્ય ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ગુજરાત સરકારના કૃષિ વિભાગ દ્વારા આયોજિત વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત, જામનગર જિલ્લાના જોડિયા અને લાલપુર ખાતે કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા કક્ષાના કૃષિ મેળા અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો.

જોડિયા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ રસિલાબેન ચનિયારાના અધ્યક્ષ સ્થાને.જોડિયા APMC ખાતે કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિક ડૉ.આશાબેન દેત્રોજા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રગતિશીલ ખેડૂતો અજયસિંહ જાડેજા અને સુરેશભાઈ ગાંગાણિએ પોતાના સફળ પ્રાકૃતિક કૃષિના અનુભવો વર્ણવીને ખેડૂતોને આ પદ્ધતિ અપનાવવા આહ્વાન કર્યું હતું,તેમજ ખેડૂત આગેવાન જેઠાભાઈ અઘેરાએ રાસાયણિક ખાતરોનો ઉપયોગ બંધ કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખેતીવાડી અને બાગાયત વિભાગની ટ્રેક્ટર, પાવર ટિલર,તાર.સોલાર ફેન્સિંગ, પમ્પ સેટ સહિતની વિવિધ યોજનાઓ હેઠળ રૂપિયા ૧૧,૦૭,૪૩૯.ના સહાય ચૂકવણા હુકમો તેમજ બેસ્ટ ફાર્મર્સ 'આત્મા' એવોર્ડ્સનું વિતરણ કરાયું હતું.લાલપુર માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ હસમુખભાઈ કણઝારીયા અને ઉદઘાટક તરીકે તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા હાજર રહ્યા હતા.કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિક ડૉ.એસ.એન. ગલાણી દ્વારા સસ્ટેનેબલ ફાર્મિંગ, પાકોનું મૂલ્યવર્ધન અને ખેતી ખર્ચ ઘટાડી આવક વધારવા અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. પ્રગતિશીલ ખેડૂત મુકેશભાઈ રૂપાપરા દ્વારા પ્રાકૃતિક ખેતીના ફાયદા જણાવીને ખેડૂતોને આ દિશામાં વળવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખેતીવાડી વિભાગની યોજનાના પેમેન્ટ હુકમો અને AGR-50 યોજના અંતર્ગત ટ્રેક્ટર ઘટક સહિત કુલ રૂપિયા ૯,૯૭,૯૧૮ ના ચૂકવણા હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.કૃષિ મેળાના ભાગરૂપે કૃષિ, બાગાયત, આત્મા, પશુપાલન, આરોગ્ય, આઈ.સી.ડી.એસ., જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અને પ્રાકૃતિક કૃષિને લગતા પ્રદર્શન સ્ટોલ્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જ્યાં આધુનિક ખેતીની ટેકનોલોજી અને સરકારી યોજનાઓની માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી. જામનગર જિલ્લામાં આ બંને કાર્યક્રમો થકી કુલ રૂપિયા ૨૧,૦૫,૩૫૭ ની સહાય ખેડૂતોને ચૂકવવામાં આવી હતી.જોડિયા ખાતે જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન ચંદ્રિકાબેન અઘેરા, જિલ્લા પંચાયત સદસ્ય ધરમશીભાઈ ચનિયારા,મામલતદાર જે.એન. મેહતા અને તાલુકા વિકાસ અધિકારી બી.આર. સોજીત્રા તથા લાલપુર ખાતે જેમની સાથે APMC ચેરમેન કાનાભાઈ આંબલિયા, પ્રાંત અધિકારી અસવાર, મદદનીશ ખેતી નિયામક જે.જી. પટેલ અને બાગાયત અધિકારી વી.એસ. નકુમ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ તથા બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિ રહ્યા હતા.

# જામનગર આઈ.ટી.આઈ. ખાતે થેલેસેમિયા મુક્ત સમાજ માટે જાગૃતિ અભિયાન;૪૯૩ તાલીમાર્થીઓનું વિનામૂલ્યે પરીક્ષણ કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

ઈન્ડિયન મેડિકલ સાયન્ટિફિક રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત લાઈફ થેલેસેમિયા પ્રિવેન્ટિવ સેન્ટર, રાજકોટ અને આઈ.ટી.આઈ. જામનગરના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા રોગના નિયંત્રણ અને જાગૃતિના ઉદ્દેશ સાથે, આઈ.ટી.આઈ. જામનગર ખાતે આરોગ્યલક્ષી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં થેલેસેમિયા કેરિયરની ઓળખ કરીને રોગના વારસાગત સંક્રમણ વિશે જાગૃત કરવા આઈ.ટી.આઈ.ના ૪૯૩ જેટલા તાલીમાર્થીઓનું વિનામૂલ્યે થેલેસેમિયા પરીક્ષણ કરવામાં આવ્યું હતું.પરીક્ષણની સાથે સાથે, વિશેષજ્ઞો દ્વારા તાલીમાર્થીઓને થેલેસેમિયા રોગ શું છે, તેના લક્ષણો, કેવી રીતે ફેલાય છે અને ખાસ કરીને લગ્ન પહેલાં પરીક્ષણનું મહત્વ શું છે તે અંગે વિગતવાર જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સંસ્થાના આચાર્ય આર.એસ. ત્રિવેદીના સક્રિય માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ આરોગ્ય શિબિરના આયોજન માટે ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આઈ.ટી.આઈ.ના સ્ટાફ મિત્રો અને થેલેસેમિયા પરીક્ષણ ટીમ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

# વાંકાનેરમાં દીકરી અંગે પૂછતાછ કરી વૃદ્ધાને ઘરમાં ઘૂસી છરી વડે ઈજાઓ પહોંચાડી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર નવાપર ખડીપરામાં રહેતા ૬૫ વર્ષીય મહિલાના ઘરે આરોપી છરી સાથે પહોંચી દીકરી વિષે પૂછપરછ કરી ઉશ્કેરાઈ જતાં ઘરમાં ઘૂસી હુમલો કરી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યો હતો. હાલ સમગ્ર બનાવ અંગે ભોગ બનાર વૃદ્ધાએ વાંકાનેર સીટી પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, વાંકાનેર નવાપર ખડીપરા મચ્છુ નદીના કાઠે રહેતા માણેકબેન વેરશીભાઇ મીઠાપરા ઉવ.૬૫ પોતાના ઘરે હતા. ત્યારે તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ બપોરે આરોપી અનવર ઉર્ફ જુમ્મો કાળુભાઇ શેખ રહે. વાંકાનેર ચંદ્રપુર નાળા પાસે વાળો છરી લઈને તેમની પાસે પહોંચ્યો હતો. આરોપીએ ફરીયાદી માણેકબેનને પૂછ્યું કે "મારી દીકરી ક્યાં છે?" જેના જવાબમાં માણેકબેને કહ્યું કે "તમારી દીકરી અહી નથી." એટલું સાંભળતાજ આરોપી ઉશ્કેરાઇ ગયો અને ફરીયાદીએ દરવાજો ન ખોલતા દરવાજાને પાટા મારી નકુચો તોડી ઘરમાં ઘૂસી આવ્યો હતો. ત્યારબાદ આરોપીએ માણેકબેન તથા સાહેદ તરીકે હાજર વ્યક્તિ પર છરી વડે આડેધડ ઘા મારી ઈજાઓ કરી હતી. બાદમાં આરોપી ગાળો બોલતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યો હતો. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર શહેરમાં પોલીસ દ્વારા હોટલો, રેઈન બસેરા અને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં તહેવારના અનુલક્ષીને પોલીસ દ્વારા હોટલો, રેઈન બસેરા અને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નિયમ ભંગ કરનાર વાહનોને દંડ ફટકારવામાં આવ્યો હતો.

તેમજ રેઈન બસેરામાં રહેતા લોકોની ચકાસણી કરવામાં આવી હતી અને હોટલમાં રોકાયેલા લોકોની પણ ઓળખ મેળવવામાં આવી હતી.દિવાળીના તહેવાર દરમ્યાન જામનગર જિલ્લાના પોલીસવડા ડો.રવિ મોહન સૈનીની સૂચના હેઠળ જામનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી હોટલ તથા રેનબસેરામાં ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી અંતર્ગત જામનગર શહેરમાં બેડેશ્વર વિસ્તાર તેમજ હાપા નજીક ટોયોટા શોરૂમની પાછળ આવેલ રેનબસેરામાં ચેકીંગની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

# જામનગર તાલુકા કોંગ્રેસ સમિતિએ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી મર્યાદા વધારવાની માગ સાથે નવતર વિરોધ નોંધાવ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકા કોંગ્રેસ સમિતિએ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી મર્યાદા વધારવાની માગ સાથે નવતર વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતો દીઠ ૭૦ મણ મગફળી ખરીદવાની વર્તમાન મર્યાદા સામે ૩૦૦ મણ સુધીની ખરીદી કરવા અથવા નાણાકીય વળતર આપવા માટે બળદગાડામાં બેસીને જિલ્લા ખેતીવાડી અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.કોંગ્રેસના આગેવાનો અને ખેડૂતોએ બળદગાડામાં બેસી ઢોલ-નગારા સાથે વાજતે-ગાજતે વિરોધ નોંધાવ્યો હતો. હાથમાં વિવિધ બેનરો સાથે સુત્રોચ્ચાર પણ કર્યા હતા. ટેકાના ભાવે ૩૦૦ મણ મગફળી ખરીદવાની માંગ સાથે પાથરા લઈને આગેવાનો ખેતીવાડી કચેરીએ પહોંચ્યા હતા.આ વર્ષે જામનગર તાલુકાના ખેડૂતોએ મગફળીનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કર્યું છે. જોકે, રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ખેડૂત દીઠ ફક્ત ૭૦ મણ મગફળીની ખરીદીની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

સરેરાશ દરેક ખેડૂત પાસે ૩૦૦ મણથી વધુ મગફળીનો પાક હોવાથી, ખેડૂતોને તેમના પરિશ્રમનો યોગ્ય ભાવ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે, જેના કારણે તેમના પરિવારના ભરણપોષણ અને કૃષિ કાર્યોમાં અવરોધ ઊભો થયો છે.રૂ. ૧,૩૫,૦૦૦ની રકમ સીધી ખાતામાં જમા કરવાની માગ.આ પરિસ્થિતિમાં કોંગ્રેસ પક્ષે સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે, પ્રતિ ખેડૂત દીઠ ઓછામાં ઓછી ૩૦૦ મણ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. જો સરકાર આટલી ખરીદી ન કરી શકે, તો ટેકાના ભાવ (રૂ. ૧૪૫૨.૬૦) અને ખુલ્લા બજારના હાલના ભાવ (રૂ. ૧૦૦૦) વચ્ચેનો પ્રતિ મણ રૂ. ૪૫૨.૬૦નો તફાવત ગણીને, ૩૦૦ મણ દીઠ કુલ રૂ. ૧,૩૫,૦૦૦ની રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે. કોંગ્રેસે આ માંગણીને ખેડૂતોના પરિશ્રમને માન આપતી હક્કદાર માંગણી ગણાવી છે.જામનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સરકારને તાત્કાલિક આ માંગણીઓ સ્વીકારી ખેડૂતોને રાહત આપવા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર સાથે તમામ તાલુકા કક્ષાના કોંગ્રેસ કાર્યકરોએ ખેડૂતોના હસ્તાક્ષરિત ફોર્મ પણ રજૂ કર્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં કોંગી અગ્રણી કાસમ ખફી અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઈકબાલ સુમરાની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો અને ખેડૂતો જોડાયા હતા.જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથિરીયાએ જણાવ્યું કે, આજે અમે સરકારને એ બતાવવા આવ્યા છીએ કે તમને એવું લાગે કે આ દેશ ખેતીપ્રધાન દેશ છે તો ખેડૂતો સામે જરાક જુઓ.

જો માત્ર ૭૦ મણ જ મગફળી ખેડૂત યાર્ડ સુધી લઈ આવે તો એના ભાડાના પણ રૂપિયા નિકળતા નથી. જેથી સરકારને અમારી રજૂઆત છે કે, ઓછામાં ઓછી ૩૦૦ મણ મગફળીની ખરીદી કરે. જો ૩૦૦ મણ ખરીદી ન કરવી હોય તો ભાવફેરના રૂપિયા ખેડૂતના ખાતામાં જમા કરો. દેશની તાકાત જ કિશાન છે જો કિશાનને જ દબાવી, ડરાવી રાખવામાં આવશે તો આ દેશનું ભવિષ્ય શું થશે એ અમને ખબર નથી પડતી. અમે ખેડૂતોનો અવાજ બનીને વિરોધ નોધાવ્યો છે.

# પર્યાવરણ શુદ્ધ રાખવાના હેતુથી ગાયના છાણ માંથી વિવિધ વસ્તુઓ બનાવે છે સુહાસિની સ્વ સહાય જૂથના મહિલાઓ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં જામનગર મહાનગર પાલિકા દ્વારા તા.૧૦ ઓક્ટોબરથી તા.૧૭ ઓક્ટોબર દરમિયાન શોપિંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ તથા વોકલ ફોર લોકલ અને સ્વદેશી અભિયાનને પ્રાધાન્ય આપવાના હેતુથી આ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્વ સહાય જૂથના મહિલાઓને તથા હેન્ડીક્રાફટના ૫૫ જેટલા સ્ટોલ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. જ્યાં મહિલાઓ પોતાના દ્વારા બનાવવામાં આવેલી વિવિધ વસ્તુઓનું વેચાણ કરી સારી આવક મેળવી રહ્યા છે.અને સ્વદેશી અભિયાનનું સૂત્ર સાર્થક કર્યું છે. સ્વદેશી મેળામાં એક સ્ટોલ છે સુહાસિની સ્વ સહાય જૂથના મહિલાઓનો. આ સ્ટોલ પર મહિલાઓ દ્વારા ગાયના છાણ માંથી બનાવેલ સુશોભનની અવનવી વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.સુહાસિની સ્વ સહાય જૂથના સભ્ય રોશનીબેન કરમુર જણાવે છે કે, જામનગરના રાજપાર્ક વિસ્તારમાં તેઓ ગૌશાળા ચલાવે છે. અને ગાયના છાણ માંથી સુશોભનની વિવિધ વસ્તુઓ બનાવે છે. ઉપરાંત તેઓ ભેળસેળ વગરના ઘીનું પણ વેચાણ કરે છે. જેમાં કોઈપણ પ્રકારના કેમિકલ ઉમેરવામાં આવતા નથી. અને



લેબ ટેસ્ટીંગ કરવાની પણ છુટ આપે છે. ગાયના છાણથી વાતાવરણ શુદ્ધ રહે અને પોઝીટીવ એનર્જી આવે છે. પરંતુ ઘરમાં ઉપયોગ કરી શકાય તે હેતુથી ગાયના છાણમાંથી સુશોભનની વસ્તુઓ જેવી કે તોરણ, ટોડલીયા, શોપીસ, ઘડિયાળ, દીવડા સહીતની અનેક વસ્તુઓ સખી મંડળના બહેનો દ્વારા બનાવવામાં આવે છે. મહિલાઓ આત્મનિર્ભર બનીને આગળ આવે તે હેતુથી સરકાર દ્વારા અમને વિનામુલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યા છે. અન્ય જગ્યાએ સ્ટોલનું ભાડું ભરવું પડતું હોય છે. હાલ સરકાર દ્વારા સ્વદેશી અભિયાનને વેગવંતુ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેમાં અમે પણ ગાયના છાણનો સદુપયોગ કરી વસ્તુઓ બનાવીને સહભાગી થયા છીએ.

# જામનગર તાલુકાના મોખાણા ખાતે નવનિર્મિત આયુષ્માન આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મોખાણા ખાતે આયુષ્માન આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું રૂ. ૩૬.૭૧ લાખના ખર્ચે નિર્મિત આ કેન્દ્ર થકી ગ્રામજનોને સ્થાનિક કક્ષાએ જ મળશે આધુનિક આરોગ્ય સુવિધાઓ જામનગર રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના મોખાણા ખાતે નવનિર્મિત આયુષ્માન આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૩૬.૭૧ લાખના ખર્ચે તૈયાર થયેલું આ કેન્દ્ર મોખાણા અને આસપાસના ગ્રામજનો માટે ઉત્તમ આરોગ્ય સુવિધાઓનું નવું કેન્દ્ર બનશે.

આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ આયુષ્માન આરોગ્ય કેન્દ્રની સુવિધા ઉભી થવાથી હવે મોખાણા સહિત



આસપાસના ગ્રામજનોને સ્થાનિક કક્ષાએ જ શ્રેષ્ઠ આરોગ્ય સવલતો ઉપલબ્ધ થશે. ખાસ કરીને ગ્રામીણ માતાઓ અને બાળકોના સ્વાસ્થ્યને વિશેષ પ્રાધાન્ય આપતા, આ કેન્દ્ર પર પ્રસૂતા અને નવજાત શિશુની સારવાર, નિયમિત રસીકરણ, બાળ રોગ તથા કુપોષણ સંબંધિત સારવાર અને સુવિધા મળતી થશે.મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે આ કેન્દ્ર ખાતે અન્ય તમામ રોગો માટે સારવાર, સચોટ નિદાન અને જરૂરી માર્ગદર્શન પણ અપાશે. સાથે જ, કેન્દ્રના માધ્યમથી સરકારની આરોગ્ય વિષયક અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પણ સીધા જ ગ્રામજનો સુધી પહોંચતા થશે.

આ પ્રસંગે,અગ્રણી ડો.વિનુભાઈ ભંડેરી, રામજીભાઈ પરમાર, રાહુલ પરમાર, ડો.ગુપ્તા સહિત સ્થાનિક પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાના દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર, જામનગર**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકાર હેઠળના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫નું ભવ્ય આયોજન આગામી સમયમાં કરવામાં આવનાર છે.

સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫નું ઓફલાઈન રજીસ્ટ્રેશન તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી ચાલુ રહેશે. જેમાં વિવિધ કેટેગરીના દિવ્યાંગ ખેલાડીઓ જેવા કે માનસિક ક્ષતિગ્રસ્ત (MR), શારીરિક ક્ષતિગ્રસ્ત (OH), અંધજન (Blind). શ્રવણ મંદ (Deaf) અને સેરેબ્રલ પાલ્સી (CP) ધરાવતા ભાઈઓ/બહેનો આ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫ની સ્પર્ધાઓનું જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષાએ આયોજન થનાર છે.

સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫માં વિવિધ કેટેગરી માટે વયજૂથ જેમાં માનસિક ક્ષતિગ્રસ્ત માટે ૮ થી ૧૫ (જુનિયર, ૧૬ થી ૨૧ (સિનીયર), ૨૨ થી ઉપર (માસ્ટર), શારીરિક ક્ષતિગ્રસ્ત ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર, બ્લાઈન્ડ કેટેગરીમાં ૧૮ વર્ષથી નીચે, ૧૮ વર્ષથી ઉપરના, શ્રવણ મંદ કેટેગરીમાં ૧૬ વર્ષ થી નીચે, ૧૬ વર્ષ થી ઉપર, ૪૫ વર્ષ થી ઉપર, સેરેબ્રલ પાલ્સીમાં ઓપન એજ વયજૂથ નક્કી કરવામાં આવ્યા છે.

સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫ માં ઓફલાઈન રજીસ્ટ્રેશન જે-તે સંસ્થો દ્વારા કરવામાં આવશે.જેમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સર્વ શિક્ષા અભિયાન કચેરી.નવાનગર હાઈસ્કુલ, પેરા સ્પોર્ટ્સ એસોસીએશન ઓફ જામનગર, આશાદીપ વિકલાંગ ટ્રસ્ટ, દિગ્વિજય પ્લોટ-૩૨,અલ્તાફ મંજીલ,રામ મુક બધીર શાળા-આણદાબાવા તથા ઓમ ટ્રેનીંગ સેન્ટર જામનગર ખાતે કચેરી સમય દરમિયાન ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે સર્ટીફીકેટનું વેરીફીકેશન બાદ જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫માં જિલ્લાકક્ષાએ અને રાજ્યકક્ષાએ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જેથી જામનગર જિલ્લાના વધુમાં વધુ દિવ્યાંગ ખેલાડીઓએ આ સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫માં રજીસ્ટ્રેશન કરાવવા અને ભાગ લેવા જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી રીક્ષામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા એક સગીર સહિત ત્રણ પકડાયા, સપ્લાયરનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં હાલ તહેવારો અનુસંધાને જીલ્લા પોલીસ દ્વારા સઘન ચેકીંગ કામગીરી ચાલુ હોય તે દરમિયાન શહેરના તખ્તસિંહજી રોડ ઉપર સીએનજી રીક્ષામાં ઈંગ્લીશ દારૂ લઈ નીકળેલ એક બાળ કિશોર સહિત ત્રણ ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા, જ્યારે વિદેશી દારૂ આપનાર નામચીન સપ્લાયરનું નામ ખુલતા તેને આ કેસમાં ફરાર દર્શાવવામાં આવ્યો છે. હાલ એ ડિવિઝન પોલીસે વિદેશી દારૂ તથા સીએનજી રીક્ષા સહિત રૂ.૫૩,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ ચલાવી છે.

મળતી માહિતી મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શહેરના તખ્તસિંહજી રોડ નવયુગ કપડાં શોરૂમ નજીક શંકાસ્પદ હાલત-માં સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૩૪૦૯ ત્યાંથી પસાર થતા તેને રોકી તલાસી લેતા રીક્ષાના ચાલક સહિત ત્રણ ઈસમો સવાર હોય, ત્યારે પાછળની સીટમાં બેઠેલા શખ્સ પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ૮પીએમ વ્હિસ્કીની ૧૨ બોટલ કિ.રૂ.૩,૬૦૦/-મળી આવતા તુરંત ત્રણેય આરોપી જેમાં રીક્ષા ચાલક આરોપી રવિભાઈ જીતેન્દ્રભાઈ પાલા ઉવ.૩૦ રહે. મોરબી રણછોડનગર, મૂળ વાવડી રોડ બજરંગ સોસાયટી તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ ૧૭ વર્ષીય સગીર તેમજ ત્રીજો આરોપી રવિ રાજેશભાઇ પરેચા ઉવ.૨૮ રહે.અમૃતપાર્ક સેન્ટમેરી સ્કૂલ પાસે મૂળ રહે.મોટી વાવડી ગામ વાળાની અટક કરી હતી. જ્યારે આરોપી સગીરને જરૂરી કાર્યવાહી કરી તેના વાલીને સોંપી આપેલ છે, હાલ પકડાયેલ આરોપીઓની પૂછતાછમાં આ ઈંગ્લીશ દારૂનો જથ્થો નામચીન આરોપી સાગર કાંતિલાલ પલાણ રહે. મોરબી રણછોડનગર વાળા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા પોલિસે તેને ફરાર દર્શાવી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરના જામસર ગામે વાડીમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો,આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના જામસર ગામે પોલીસે રેઇડ કરી એક વાડીમાંથી વિદેશી દારૂ તથા બિયરનો જથ્થો ઝડપ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી વાડી માલીક હાજર નહિ મળી આવતા કુલ રૂ. ૧૦,૪૪૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપીને ફરાર દર્શાવી પોલીસે આગળની તપાસ ચલાવી છે. વાંકાનેર તાલુકા પોલીસ ટીમને માહિતી મળી કે, જામસર ગામના તળ વિસ્તારમાં આવેલ આરોપી મુકેશભાઈ મનસુખભાઈ દંતેસરીયા રહે. જામસર તા. વાંકાનેર વાળો પોતાની વાડીમાં વિદેશી દારૂનો જથ્થો રાખે છે. જેથી વાંકાનેર તાલુકા પોલીસ ટીમે દરોડો પાડતા, તપાસ દરમ્યાન વાડીની અંદર શેઢા પાસે બાવળની ઝાડીમાં છુપાવવામાં આવેલી વિદેશી દારૂ રોયલ સ્ટગ વ્હીસ્કીની બોટલ ૬ નંગ કિ.રૂ ૭,૮૦૦/- તથા કિંગફિશર બીયરના ટીન ૧૧ નંગ કિ.રૂ.૨,૬૪૦/- સહિત કુલ રૂ.૧૦,૪૪૦/-ના મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. રેઇડ સમયે આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલ પોલીસે ફરાર વાડી માલીક આરોપીને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

# જામનગરના બેડી ધરાનગર વિસ્તારમાંથી ઘોડીપાસાનો જુગાર રમી રહેલા ૪ શખ્સો પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બેડી નજીક ધરાનગર વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર શખ્સોને પકડી પાડ્યા છે.

જામનગરના સિટી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફે બેડી નજીક ધરારનગર વિસ્તારમાં દરોડો પાડી જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ઘોડિપાસાનો જુગાર રમી રહેલા શબ્બીર અલીભાઈ મિયાણા, યુસુફ હુસેનભાઇ રાજાણી, યુસુફ ઈસ્માઈલભાઈ મલિક તેમજ અસિફ અલારખાભાઈ સાટી વગેરેની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૩,૮૫૦ ની રોકડ રકમ અને ઘોડીપાસાનો સામાન કબજે કર્યો છે.

# ભાજપનો દરેક કાર્યકર્તા મારા જીવનની અંતિમ ક્ષણ સુધી અમુલ્ય ઘરેણુઃ જગદીશ વિશ્વકર્મા

## રાજકોટ જિલ્લા - મહાનગર અને મોરબી જિલ્લા દ્વારા નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માનો અભિવાદન સમારોહ યોજાયોઃ હજારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા એ પદભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત રાજકોટના પ્રવાસે પહોંચ્યા તે સમયે હિરાસર વિમાની મથકેથી રાજકોટના રેસકોર્સ મેદાન સુધીમાં તેમનું ભવ્ય કાર અને સ્કુટર રેલી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું અને એક ગુજરાત ભાજપના પાવરહાઉસ ગણાતા રાજકોટ ઉપરાંત જિલ્લા અને મોરબી જિલ્લાના હજારો કાર્યકર્તાઓને સંબોધતા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, જે કાર્યકર્તાઓ રાત-દિવસ તડકો છાયો જોયા વગર મારી સાથે ઉભા રહેતા તેનું મને અભિવાદન છે.

પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ કાર્યક્તાઓને પ્રેરણારૂપ સંબોધન કરતા જણાવ્યું કે, આજે તો રાજકોટ વાસીઓએ વટ પાડી દીધો છે. મારા દરેક ઝોનમાં કાર્યક્રમ થઈ રહ્યા છે પરંતુ સૌરાષ્ટ્ર ઝોનનો કાર્યક્રમ મારા માટે વિશેષ છે કારણ કે જેમણે ભારતીય જનતા પાર્ટીની ઈમારત મોટી કરી છે અને ભાજપ માટે જેમને ઘડતરનો પાયો નાખ્યો છે તેવા ત્રણ પુર્વ પ્રદેશ અધ્યક્ષઓ ઉપસ્થિત છે.

દેશની સૌથી મોટી ભારતીય જનતા પાર્ટી અને તેના પ્રદેશ અધ્યક્ષ હોવુ અને લાખો-કરોડો કાર્યકર્તાઓનો ખભો મને મળતો હોય ત્યારે આ પદ-પ્રતિષ્ઠતા અને ખુરશી કરતા કાર્યકર્તાઓ માટે અભિમાન છે. કાર્યકર્તાઓ રાત-દિવસ તડકો છાંયો જોયા વગર આપણી પડખે ઉભો હોય ત્યારે તે વાતનું અભિમાન છે. મને દેવ દુલર્ભ કાર્યકર્તાઓના દર્શન કરવાની તક મળી છે. આજે સૌરાષ્ટ્રવાસીઓનો અતુટ પ્રેમ છલકાયો છે.

જગદીશભાઈ વિશ્વકર્માએ જનસંઘ સમયના કાર્યકર્તાઓને યાદ કરતા વધુમાં જણાવ્યું કે, જનસંઘ સમયના કાર્યકર્તાઓમા ચિમનભાઈ શુક્લ અને સુર્યકાન્તભાઈ આચાર્ય સહિત ઘણા કાર્યકર્તાઓએ અસામાજીક તત્વો વિરોધી અભિયાન ચલાવ્યું હતું. સ્વ. વિજયભાઈ રૂપાણીજીને યાદ કરતા જણાવ્યું કે તેમણે મને કર્ણાવતી મહાનગરના પ્રમુખ તરીકેની જવાબદારી આપી હતી અને કહ્યુ હતું કે પ્રદેશના અધ્યક્ષ કરતા કર્ણાવતી મહાનગરના અધ્યક્ષની વિશેષ જવાબદારી હોય છે અને વધારે કામ હોય છે.

કોઈ પણ નવી વસ્તુનુ ઈનોવેશન થાય તો તેમા રાજકોટ મોખરે હોય.જીવન જીવવાની અને તહેવારો માણવાની કળા રાજકોટવાસીઓ પાસેથી શીખવી પડે. રાજકોટ સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ખૂબ જ જુનો નાતો રહ્યો છે. મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારે સૌથી વધુ પ્રેમ સાથે ખોબલેને ખોબલે મત રાજકોટે આપ્યા હતા.

આજે પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ કહે છે કે રાજકોટ વાસીઓનું રૂણ ક્યારેય ભુલાય તેમ નથી. સૌરાષ્ટ્રના ઘરે ઘરે પાણી પહોચાડવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કર્યુ છે. સરદાર સાહેબે સેવેલુ સ્વપન સાકાર કરવાનું કાર્ય પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે. સરદાર સરોવર ડેમ પરિપુર્ણ થાય તે માટે ઉપવાસ પર બેઠા હતા અને ૨૨ વર્ષ સુધી કોંગ્રેસની સરકારે ડેમના દરવાજા લગાવવાની મંજુરી આપી ન હતી પરંતુ નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બનતા જ પહેલુ કામ દરવાજા લગાવવાની મંજુરી આપી.

જગદીશભાઈએ વધુમાં જણાવ્યું કે, રાજકોટ વાસી ગુજરાત કે દેશ-વિદેશના કોઈ પણ ખુણે હોય તો પણ બપોરનું છાપુ વાંચવાની ટેવ ભુલે નહી એટલે રાજકોટ મીડિયાની આગવી છાપ પ્રિન્ટ-ઈલેક્ટોનિક મીડિયાએ ઉભી કરી છે તે બદલ મીડિયા કર્મીઓને અભિનંદન.

રાજકોટની ઘરતી પર વિશ્વની કોઈ પણ પ્રોડક્ટ બનાવવાની હોય તો રાજકોટ વાસીને ખાલી પ્રોડક્ટ આપો તેવી જ પ્રોડક્ટ બીજા દિવસે તૈયાર કરી દે તેવી કુશળ કારીગરી રાજકોટના લોકોને મળી છે. આજે રાજકોટમા ડિફેન્સની મશીનરીના પાર્ટ પણ રાજકોટમાથી બનીને જાય છે તે નાની ઘટના નથી.

ઓટોક્ષેત્ર સાથે જોડાયેલા નાના-નાના પાર્ટ રાજકોટ બનાવે છે. વડાપ્રધાનએ આપણને આત્મનિર્ભર ભારત અને હર ઘર સ્વદેશીનો સંકલ્પ આપ્યો છે તેને વધુ મજબૂત બનાવીએ. પહેલા આપણે ક્યારેય વિચાર્યુ ન હતુ કે આપણી પાસે ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે, ઘણા વિકાસલક્ષી કાર્યો આજે સૌરાષ્ટ્રમા થયા છે.

## રાવકીમાં ૨૧ મોબાઈલની ચોરી કરનાર બે શખ્સોની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ગામમાં આવેલ રીયલ પ્રાઈમમાં રહેતા અને રાવકી ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ વિશાલ ફાઉન્ડરીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા નોકરી કરતા દિવ્યેશભાઈ મોહનભાઈ સોજીત્રા (ઉ.વ.૩૮)એ લોધીકા પોલીસ મથકમાં ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૧૩ના મોડી રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો લોધીકા પંથકના રાવકી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ વિશાલ ફાઉન્ડરી નજીકના અલગ અલગ કારખાનાઓની ઓરડીમાં રહેતા શ્રમિકો પોતાની ઓરડીમાં સુતા હતા તે દરમિયાન મજૂરોને નિંદ્રામાં સુતા જોઈ અલગ અલગ ઓરડીઓમાંથી શ્રમિકના ૫૨,૨૦૦ ની કિંમત ના ૨૧ જેટલા મોબાઈલ ચોરી કરી લઈ ગયા હતા.

આ અંગે સવારે જાગેલા શ્રમિકોના ધ્યાનમાં આવ્યું હતું કે, પોતાની ઓરડીમાંથી કોઈ અજાણ્યા તસ્કરો મોબાઈલ ચોરી ગયા છે જેથી અન્ય મજૂરો અને આ અંગે વાત કરતા બીજા શ્રમિકોના પણ મોબાઈલ ચોરી થયાનું ધ્યાને આવતા આ અંગે વિશાલ ફાઉન્ડ્રીના સુપરવાઈઝર દિવ્યેશભાઈ સોજીત્રાને વાત કરી હતી.

જેથી દિવ્યેશભાઈએ વિશાલ ફાઉન્ડરીમાં લગાવેલ સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી કરતા મજૂરોની ઓરડી નજીક રાત્રિ દરમિયાન બે અજાણ્યા શખ્સો હિલચાલ કરતા હોવાનુ કેમેરામાં કેદ થઈ જતા આ અંગે દિવ્યેશભાઈએ ફરિયાદ નોંધાવતા લોધિકા પોલીસ મથકના પી.એસ.આઈ.એમ સરવૈયાએ ગુનો દાખલ કરી અજાણ્યા તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

## આંબેડકરનગરમાં દારૂના જથ્થા સાથે નામચીન બુટલેગરની ધરપકડ



શહેરના માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે.ધાંધલ સહિતનો સ્ટાફ પેટ્રોલિગમાં હોય ત્યારે મળેલી બાતમીના આધારે આંબેડકર નગર શેરી નંબર ૧૨ માં આવેલ આંબેડકર ભવન નામના મકાનમાંથી દારૂના ૪૭૮ ચપલા સાથે આરોપી અશોક સિધવને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૭૦ હજાર કિંમતના બે મોબાઈલ કબ્જે લઈને દારૂ સહિત કુલ ૧.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે દેવપરામાં રહેતા આરોપી અશોક સિધવ સામે જુદા જુદા પોલીસ મથકમાં મારામારી અપહરણ સહિતના ૩૨ થી વધારે ગુના નોંધાઈ ચૂક્યા છે. તેમજ ત્રણ વાર પાસા હેઠળ જેલની હવા પણ ખાઈ ચૂક્યો છે.

## આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જિલ્લાના ૧૨ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૨ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. જાહેરનામું આગામી તા.૧૨-૧૨-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત.

ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, સોસબારી અને ઘાખડી (નોવાડા) તથા ધોરી ક્રિક આ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## ડબલિંગ કાર્યને કારણે પોરબંદર-કાનાલુસ અને કાનાલુસ-પોરબંદર લોકલ ટ્રેનો 30 નવેમ્બર સુધી આંશિક રીતે રદ રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલિંગ કાર્યને કારણે ૧૬ ઓક્ટોબરથી લઈને ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે. વિગતો નીચે મુજબ છે

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો

(૧) ટ્રેન સંખ્યા ૫૯૨૦૬ પોરબંદર-કાનાલુસ લોકલઃ આ ટ્રેન હવે ૧૬ ઓક્ટોબરથી લઈને ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી પોરબંદરથી ઉપડીને ગોપજામ સુધી જ ચાલશે તથા ગોપજામ-કાનાલુસ ખંડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

(૨) ટ્રેન સંખ્યા ૫૯૨૦૫ કાનાલુસ-પોરબંદર લોકલઃ આ ટ્રેન હવે ૧૬ ઓક્ટોબરથી લઈને ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી કાનાલુસને બદલે ગોપજામ સ્ટેશનથી ચાલશે અને કાનાલુસ-ગોપજામ ખંડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે મુસાફરો વેબસાઈટ www.enquiry. indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

## મૂક બધિર મહિલાની વ્હારે આવતું પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર - મહિલાનું પુનઃસ્થાપન કરાવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યની મહિલાઓની સુરક્ષા માટે સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, શી ટીમ, ૧૮૧ અભયમ સહિતની યોજનાઓ અમલી બનાવી છે. રાજકોટના આવા જ એક કિસ્સામાં મૂક-બધિર મહિલાની વ્હારે મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર આવ્યું હતું.

મૂક-બધિર પરિણીત મહિલાના સાત વર્ષનું લગ્ન જીવન છેલ્લા ત્રણ મહિનાથી વણસતા તેણીએ રાજકોટના પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરમાં અરજી કરી હતી. સેન્ટર દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, તેણીનો પતિ શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતો હતો. પતિ ઘરની જવાબદારી નિભાવતો ન હતો તથા તેઓના સાત વર્ષના પુત્રને પતિએ પોતાની પાસે રાખીને મહિલાને ઘરમાંથી કાઢી મૂકી હતી. આથી, મહિલા પિયર જતી રહી હતી. પરિણીત મહિલાએ તેના પતિ વિરુદ્ધ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરમાં ફરિયાદ નોંધાવી હતી. જેના ભાગરૂપે સેન્ટરે તેણીના પતિ અને સાસુને બોલાવીને તેઓનું પણ કાઉન્સેલિંગ કર્યું અને ઘરેલુ હિંસા વિરોધ કાયદો અને અન્ય મહિલાઓને અપાતી કાનૂની સહાય અંગે જણાવ્યું હતું. આમ, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર પતિ અને પત્નીના લગ્નજીવનમાં સુખદ સમાધાન કરાવ્યું હતું.

## સમાચાર સંક્ષીપ્તમાં

### રાજકોટ શહેરમાં તા.૦૫ નવેમ્બર સુધી ચાઈનીઝ તુક્કલ, લેન્ટર્ન, લોન્ચર વગેરે પર પ્રતિબંધ

આગામી દિવસોમાં દિવાળીના પર્વ પર અને ત્યાર બાદ તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી પર્યાવરણ અને જાહેર સંપતિને થતાં નુકસાનને અટકાવવા માટે ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન સહિતની વસ્તુઓ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

તુક્કલમાં સળગી જાય તેવા હલકી કક્ષાના વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને નુકસાન થાય છે. ઉપરાંત, પતંગ ચગાવવાના હેતુથી ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટિક કોટિંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી જેવી પ્રતિબંધિત સાધન સામગ્રીનું ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ ઉપર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

### મોરબી નવાડેલા રોડ ઉપર પાર્ક કરેલ મોટર સાયકલની ચોરી

મોરબીમાં વધુ એક બાઈક ચોરી અંગે અત્રેના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે, જેમાં ફેરી કરતા આધેડ હસમુખભાઈ દેવજીભાઈ સોલંકી ઉવ.૪૫ રહે. લજાઈ ગામ તા.ટંકારા વાળાએ પોતાનું હોન્ડા કંપનીનું સી-૧૦૦ મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એએ-૧૬૧૫ વાળું ગઈ તા. ૦૭/૧૦ના રોજ નવાડેલા રોડ ભવાની ટ્રેડિંગ પાસે આવેલ જાહેર શૌચાલય નજીક પાર્ક કર્યું હતું. જ્યાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ મોટર સાયકલ ચોરો કરી લઈ ગયો હતો. હાલ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ છે.

### મોરબીના ખાખરેચી દરવાજા નજીક ઈંગ્લીશની એક બોટલ સાથે યુવકની અટક

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શહેરના ખાખરેચી દરવાજા અંદર મેડી માતાજીના મંદિર પાસે શંકાસ્પદ હાલતમાં આવતા શખ્સને રોકી તેની અંગઝડતી લેતા પેન્ટના નેફામાંથી વેટ-૬૯ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૩,૩૦૦/- મળી આવી હતી. જેથી પોલીસે આરોપી પાર્થ દિલીપભાઈ લાંઘણોજા ઉવ.૨૪ રહે. રામકૃષ્ણ સોસાયટી ઘર નં. પી-૭ મોરબી-૨ વાળાની અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### મોરબીના મહારાણા પ્રતાપ સર્કલ નજીક નોટ નંબરનો જુગાર રમતા બે પકડાયા

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં મહારાણા પ્રતાપ સર્કલ નજીક ચલણી નોટના નંબરનો પૈસાની હારજીતનો નસીબ આધારિત જુગાર રમતા દક્ષકભાઈ રમેશભાઈ બાવરવા ઉવ.૨૩ રહે. પંચાસર રોડ નિરવપાર્ક સોસાયટી મોરબી તથા દાઉદભાઈ સફીભાઈ હોકાવારા ઉવ.૫૦ રહે. કુલીનગર-૧ વીસીપરા મોરબી વાળાને રોકડા રૂ.૮૬૦/-સાથે બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઝડપી લઈ બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

## ફિલ્મ ડાયરેક્ટર રાજકુમાર સંતોષીને બે વર્ષની સજા યથાવત

### જામનગર કોર્ટે ફટકારેલી બે વર્ષની સજા સેશન્સ કોર્ટે યથાવત રાખી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનાં શિપિંગ ઉદ્યોગપતિ પાસેથી ફિલ્મ ડાયરેક્ટર રાજકુમાર સંતોષીએ રૂપિયા એક કરોડની રકમ ઉછીની લીધી હતી. આ રકમની ચુકવણી માટે સંતોષીએ આપેલો ચેક રિટર્ન થતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. આ મામલે જામનગર કોર્ટે ફટકારેલી ફિલ્મ ડાયરેક્ટરને બે વર્ષની સજા સેશન્સ કોર્ટે યથાવત રાખી છે.બોલિવૂડના ફિલ્મ ડાયરેક્ટર રાજકુમાર સંતોષીને સેશન્સ કોર્ટે ચેક રિટર્ન કેસ મામલે ૧૦ લાખના ચેકથી બમણો દંડ અને બે વર્ષની જેલની સજા ફટકારી છે. જ્યારે આરોપી સંતોષીને આગામી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં કોર્ટમાં હાજર થવા પણ આદેશ આપ્યો છે. આમ જો આરોપી હાજર ન થાય તો ધરપકડ કરવા કોર્ટે આદેશ કર્યો છે.જામનગરના જાણીતા ઉદ્યોગપતિ અને શિપિંગ વ્યવસાય સાથે સંકળાયેલા અશોકભાઈ એચ. લાલે ફિલ્મ ડાયરેક્ટર રાજકુમાર સંતોષીને રૂ. એક કરોડ ઉધાર આપ્યા હતા. આ દરમિયાન રાજકુમાર સંતોષીએ ઉદ્યોગપતિ અશોકભાઈને રૂ. ૧૦ લાખના દસ ચેક આપ્યા હતા, જે તમામ રિટર્ન થતાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ સંતોષી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આ મુદ્દે સંતોષીને નોટિસ પણ ફટકારાઈ હતી. આમ છતાં તેમણે રકમ નહીં ચૂકવતા અશોકભાઈએ જામનગર કોર્ટમાં વર્ષ ૨૦૧૭માં ફરિયાદ નોંધાવી હતી.

## વાંકાનેરમાં વિકાસ સપ્તાહ અંતર્ગત સફાઈ કામદાર માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત યોજાઈ રહેલા કાર્યક્રમોના ભાગરૂપે વાંકાનેરમાં રાજ્ય સભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં સરકારી હોસ્પિટલ ખાતે સફાઈ કામદારો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિકાસ સપ્તાહના ભાગરૂપે આયોજન કાર્યક્રમમાં વિવિધ સફાઈ કામદારોની મેડિકલ તપાસ કરવામાં આવી હતી અને જરૂરી સારવાર કરવામાં આવી હતી તથા સર્વે મહાનુભાવો દ્વારા હોસ્પિટલના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાદેશિક કમિશનર, વાંકાનેર નગરપાલિકાના ચીફ ઓફિસર, નગરપાલિકાનો સ્ટાફ તથા સફાઈ કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબીમાં વિકાસ સપ્તાહ અંતર્ગત વિકાસ પદયાત્રા યોજાઈ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વિકાસ સપ્તાહ અંતર્ગત મણીમંદિરથી ગાંધીજીના સ્ટેચ્યુ ત્રિકોણ બાગ સુધી વિકાસ પદયાત્રા યોજાઈ હતી જેમાં મોરબી કલેક્ટર કે.બી. ઝવેરી સહિત જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા. વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી આ વિકાસ પદયાત્રાને મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી મણીમંદિરથી પ્રસ્થાન કરાવી હતી. ત્રિકોણ બાગ ખાતે ગાંધીજીના સુતરની આંટી પહેરાવી વિકાસ પદયાત્રાની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકાસ ભારત પ્રતિજ્ઞા લીધી હતી.

આ વિકાસ પદયાત્રામાં ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારી અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી, નાયબ જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, મોરબી પ્રાંત અધિકારી સુશીલ પરમાર, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર કુલદીપ સિંહ વાળા, નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક વિરલ દલવાડી સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ, પોલીસ કર્મીઓ, વિદ્યાર્થીઓ તેમજ મોરબીવાસીઓ જોડાયા હતા.

## મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા એક ઈસમ અને એક મહિલા પાસા હેઠળ જેલહવાલે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા બે શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં મોરબી એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ પોલીસની કામગીરી હેઠળ એક મહિલા તથા એક ઈસમને પાસા હેઠળ ડીટેઈન કરી અનુક્રમે વડોદરા મધ્યસ્થ જેલ અને ભાવનગર જીલ્લા જેલમાં મોકલવામાં આવ્યા છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકે પ્રોહીબીશનની ગેર કાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો સામે પાસા હેઠળ કડક કામગીરી કરવા સૂચના કરેલ હોય જેથી મોરબી એલસીબી પીઆઈ એમ.પી.પંડયાએ પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ સલીમભાઈ બાબુભાઈ વિકીયાણી તથા એક મહીલા મનીષાબેન સુરેશભાઈ લક્ષ્મણભાઈ થરેસા વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ મોરબીનાઓ તરફ મોકલતા, કે.બી.ઝવેરી જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ બન્નેના પાસા વોરંટ ઈશ્યુ કરેલ હોય, જે સામાવાળાઓને સત્વરે અટકાયત કરવા માટે એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ સાથે અલગ-અલગ ટીમો બનાવી બન્ને આરોપી સલીમભાઈ બાબુભાઈ વિકીયાણી ઉવ.૩૮ રહે. સરાયા ગામ તા.ટંકારા તથા મનીષાબેન સુરેશભાઈ લક્ષ્મણભાઈ થરેસા ઉવ.૪૫ રહે.મોરબી વજેપર શેરી નંબર-૨૪ તા.જી.મોરબી વાળાને પાસા એક્ટ તળે ડીટેઈન કરી મધ્યસ્થ જેલ વડોદરા અને જીલ્લા જેલ ભાવનગર એમ અલગ-અલગ જેલ ખાતે મોકલી આપેલ છે.

## મોરબી દારૂ કેસના આરોપીઓની ભલામણ કરવા આવેલા સસ્પેન્ડ પોલીસકર્મી પીધેલી હાલતમાં ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ચાલી રહેલી દારૂ કેસની પૂછપરછ દરમિયાન સસ્પેન્ડ પોલીસ કોન્સ્ટેબલ પીધેલી હાલતમાં સ્ટેશનમાં પહોંચી આરોપીઓની ભલામણ કરવા લાગતા પોલીસે તેમને જ નશો કરેલ હાલતમાં ઝડપી લીધો હતો. હાલ પોલીસે આરોપી પાસેથી એકટીવા મોપેડ કબજે કરી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગઈકાલે તા.૧૫ ઑક્ટોબરના રોજ પ્રોહીબીશન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં પકડાયેલ આરોપીઓની પૂછપરછ ચાલી રહી હતી. આ દરમિયાન રાત્રે એક વ્યક્તિ એકટીવા સ્કૂટર રજી.નં. જીજે-૩૬-ક્યુ-૮૯૩૮ લઈને પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. તે વ્યક્તિ પોલીસ રૂમમાં પ્રવેશી આરોપીઓની ભલામણ કરવા લાગ્યો અને ઊંચા અવાજે બોલી ત્રાસરૂપ વર્તન કરી રાડો પાડવા લાગેલ જેથી પોલીસને શંકા જતા તપાસ કરતા તે વ્યક્તિ પીધેલી હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે આરોપી ભરતભાઈ પરબતભાઈ મિયાત્રા ઉવ.૩૭ રહે. મોરબી કંડલા બાયપાસ રોડ ધર્મસૃષ્ટિ સોસાયટી વાળાની અટક કરી હતી. પકડાયેલ આરોપી પોલીસ કોન્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા પરંતુ છેલ્લા દોઢ વર્ષથી ગાંધીનગર હેડક્વાર્ટર ખાતે સસ્પેન્ડ હતા. હાલ એ ડિવિઝન પોલીસે આરોપી સસ્પેન્ડ પોલીસકર્મી પાસેથી એકટીવા મોપેડ કિ.રમ૫૦ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ તેની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટ્રાવેલ્સના ધંધાર્થીએ બોગસ GST નંબરનો ઉપયોગ કરી રૂ.૪.૬૨ કરોડની કરી છેતરપીંડી

**નાના મવા રોડ પર આવેલ આલ્પાઈન થાઈડ્રીમ્સના માલીકની પેઢીનો એકાઉન્ટ સહિતનો વહીવટ સંભાળતા જામનગર રહેતાં ફઈબાના દિકરા અલ્કેશ પેઢડિયાએ કળા કરી**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાના મવા રોડ પર આવેલ આલ્પાઈન થાઈડ્રીમ્સના નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થી સાથે બે પેઢીના જીએસટી નંબરનો ઉપયોગ કરી રૂા.૪.૬૨ કરોડની ઠગાઈનો બનાવ સામે આવતાં તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. પેઢીનો એકાઉન્ટ સહિતનો વહીવટ સાંભળતા જામનગર રહેતાં ફુઈના દિકરા અલ્કેશ પેઢડિયાએ કળા કરી ખોટા બિલ, રિટરન્સ ઉભા કર્યા, રૂા.૨૫ કરોડની ખરીદ-વેંચાણ દર્શાવી શાખ મેળવી લીધી હતી.

આ અંગેની પોલીસમાંથી મળતી વિગત મુજબ મોટા મવા વિસ્તારમાં જીવરાજ પાર્કમાં આવેલ નંદન રેસિડેન્સીમાં રહેતા પ્રકાશભાઈ પરસોત્તમભાઈ કમાણી (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલ્કેશ હરીલાલ પેઢડિયા (રહે. જામનગર) સહિતના શખ્સોના નામ આપતાં તાલુકા પોલીસે વિશ્વાસઘાત, આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આલ્પાઈન થાઈડ્રીમ્સ નામેથી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો બિઝનેસ કરે છે. તેઓએ વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૫૦ ફુટ રીંગ રોડ બીગબજાર પાસે ચંદ્રપાર્ક-૦૨ ની બાજુમા સિધ્ધી વિનાયક હોલીડેજ નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની પેઢી ચાલુ કરેલી જેમાં અલગ-અલગ ટુર પેકેજની વ્યવસ્થા કરતા બાદ આ પેઢી વર્ષ ૨૦૧૯ સુધી ચાલુ રાખેલ બાદ બંધ કરી દીધેલ હતી.

આ દરમિયાન પેઢીના એકાઉન્ટ તથા રિટર્નસનું કામ તેઓનો ફુઈનો છોકરો અલ્કેશ પેઢડીયા કરતો હતો. વર્ષ ૨૦૧૯ થી આ પેઢી બંધ કરી નાખેલ ત્યારબાદ આ પેઢીના નામે કોઈ પણ પ્રકારનો વહીવટ આજ સુધી કરેલ નથી. તેઓએ અલ્કેશ પેઢડિયાને જી.એસ.ટી. નંબર ૨૬ કરાવવાનું કહેલ હતુ. જે બાદ વર્ષ ૨૦૧૯ માં આ અલ્કેશએ વાત કરેલ કે, ધંધો મોટા પાયે કરવો હોય તો આપણે પ્રાઈવેટ કંપની બનાવીએ જેથી તેના કહેવા પ્રમાણે તે જ વર્ષમાં ૧૫૦ ફૂટ રિંગરોડ પર ઈમ્પીરીયલ હાઈટ્સ માં આલ્પાઈન થાઈડ્રીમ્સ નામની ટ્રાવેલ્સ કંપની શરૂ કરેલ હતી, જે હાલ બદલીને નાના મવા મેઈન રોડ પર મોકાજી સર્કલ પાસે સાશ્વત સ્પેશ કાર્યરત હોય જેમા તેઓ અને આરોપી અલ્કેશના પત્ની શ્રુતીબેન તથા ઓળખીતા મોનાબેન ડીરેક્ટર છે.

> **તાલુકા પોલીસે વિશ્વાસઘાત, આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી**

પેઢીનો સંપુર્ણ વહીવટ ફરીયાદી સંભાળે છે. કંપનીનું સંપુર્ણ જીએસટી રીટર્નસનું કામ, ઓડીટનું કામ તથા ફરીયાદીના પર્સનલ ટેક્સનું કામ અલ્કેશ સંભાળતો હતો. આ કંપનીના તમામ ડોક્યુમેન્ટ તેમજ જી.એસ.ટી. રીટર્નસના આઈડી પાસવર્ડ પણ તેમની પાસે હતા. થોડા દીવસ પહેલા જીએસટી કચેરી રાજકોટ ખાતેથી જીએસટી કાયદાની કલમ ૭૦(૧) મુજબનું સમન્સ મળેલ જેના આધારે ગઈ તા.૩૦ ના જીએસટી ઓફીસ ખાતે નીવેદન લખાવવા ગયેલ.

ત્યારે જાણવા મળેલ કે, તેઓના નામની સિધ્ધી વિનાયક હોલીડેઝ પેઢી જેના જીએસટી નંબર કે જે તેઓએ ૨૬ કરાવવાનું કહેલ હતુ, તે ૨૬ ન કરી તે નંબર ચાલુ રાખી તે પેઢીના જીએસટી નંબર તથા આલ્પાઈન થાઈડ્રીમ્સ નામની પેઢી એમ બંન્ને પેઢીમાંથી તેઓની જાણ બહાર આરોપીએ ખરીદ વેચાણના બીલ જીએસટી પોર્ટલ પર દર્શાવેલ હતાં.

આરોપીએ જે નામના બીલ દર્શાવેલ તે પેઢી કે તે વ્યકિતને ફરીયાદી ઓળખતાં પણ નથી. આરોપી અલ્કેશએ સિધ્ધી વિનાયક હોલીડેજ પેઢીના નામે રૂા.૧૧,૭૨,૧૯,૩૧૯ ની ખરીદી દર્શાવી તેનુ વેચાણ રૂા.૧૨,૫૯,૬૨,૮૨૫ બતાવી ખોટી વેરા શાખ અન્ય વેપારીને તબદીલ કરેલ છે, જે બદલ તેઓને જીએસટીના નીયમ મુજબ રૂા.૨,૨૫,૭૬,૪૮૫ જીએસટી ભરવાનુ થાય છે. તેમજ તેમણે આલ્પાઇન થાઇડ્રીમ્સ કંપનીના નામે રૂા.૧૩,૩૮,૯૦,૧૧૬ ની ખરીદી દર્શાવી તેમનુ અત્યાર સુધીનુ વેચાણ રૂા.૧૩,૧૪,૭૭,૧૯૦ બતાવેલ છે. આ ખોટા વહીવટ બદલ તેઓને નીયમ મુજબ રૂા. ૨,૩૬,૬૫,૮૯૪ જીએસટી ભરવાનુ થાય છે.

જેથી ફરીયાદીની જાણ બહાર આરોપી અલ્કેશએ બન્ને પેઢીના ખોટા બીલની એન્ટ્રીઓનો ડેટા જીએસટી પોર્ટલ ઉપર ભરવા પાત્ર રીટર્નસમાં સિધ્ધી વિનાયક હોલીડેજ પેઢીના નામે તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી તથા આલ્પાઇન થાઈડ્રીમ્સ કંપનીના નામે તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી રીટર્નસ ભરી અન્ય વેપારીઓને વેરા શાખ તબદીલ કરતા તેઓને રૂા.૪,૬૨,૪૨,૩૮૯ ની જી.એસ.ટી. પેનલ્ટી ભરવાપાત્ર થતા આરોપીએ પેઢીના નામના ખોટા બીલોની જીએસટી પોર્ટલ ઉપર એન્ટ્રીઓ કરી ખોટા રીટર્નસ ભરી ખોટા ઈલેક્ટ્રોનીક રેકર્ડ ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ઠગાઈ આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીઆઈ ડી.એમ.હરિપરા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

# રાજકોટના સોની પ્રૌઢ પર દેવુ વધી જતા ખાખીજારીયા ગામે રૂ.૫૨ લાખના દાગીનાની ચોરી થયાનું તરકટ રચ્યું

**ગ્રામ્ય એલસીબીની ટીમ અને ભાયાવદર પોલીસે ઉલટ તપાસ કરતા સોની પ્રૌઢ ભાંગી પડયાઃ રૂ.૫૨ લાખના સોનાના દાગીના કબ્જે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાધુવાસવાણી રોડ પર કુંજવિહાર સોસાયટીમાં રહેતા સોની પ્રૌઢે ખાખીજારીયા ગામ પાસે કોઈ અજાણ્યા ઈશમો તેને બેભાન કરી રૂ.૫૨ લાખની કિંમતના દાગીના ચોરી કરી ગયાની ફરીયાદ કર્યા બાદ ગ્રામ્ય એલસીબીની ટીમ અને ભાયાવદર પોલીસે ઉલટ તપાસ કરી સોની પ્રૌઢે રચેલી ખોટી સ્ટોરીનો ભાંડો ફૂટી ગયો હતો. પોતાના પર દેવુ વધી જતા ચોરીનું ખોટું તરકાટ રચ્યું હોવાની કબુલાત આપતા પોલીસે રૂ.૫૨ લાખની કિંમતના સોનાના દાગીનાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.





આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટમાં સાધુવાસવાણી રોડ પર કુંજવિહાર સોસાયટીમાં રહેતા જયેશભાઇ રામજીભાઇ રાણીગા (ઉ.વ.૬૨) નામના સોની પ્રૌઢ રાજકોટના સોની વેપારી હિમાંશુભાઇ અરવિંદભાઇ પાલા પાસેથી રૂ.૫૨ લાખની કિંમતના સોનાના દાગીના ઉપલેટા-ભાયાવદર સહિતના અનેક ગામોમાં વેપારીઓને દુકાને આપવા માટે લઈને નિકળ્યા હતા. તે દરમ્યાન પોતે એક્ટિવા લઇ ભાયાવદર જવા નિકળેલા ત્યારે ખાખીજારીયા ગામ નજીક કોઇ અજાણ્યા શખ્સો તેને બેભાન કરી સોનાના દાગીના થેલામાંથી ચોરી કરી ગયાની ફરીયાદ કરી હતી. આ ઘટના પ્રથમ દ્રષ્ટીએ પોલીસને શંકાસ્પદ જણાતા રાજકોટ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરા, પીએસઆઇ આર.વી.ભીમાણી, ભાયાવદર પોલીસ સ્ટેશનના પીઆઇ વી.સી.પરમાર સહિતના સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી બનાવના સ્થળ અને ઉપલેટામાં સીસીટીવી ફૂટેઝ ચેક કરતા એક્ટિવા ચાલક જયેશભાઇ રાણીગાનો ભૂતકાળ તેમજ ફોન કોલ વગેરે પોલીસે ચેક કરતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટી ગયો હતો. પોલીસે જયેશભાઇ રામજીભાઇ રાણીગાની આકરી પુછપરછ કરતા પોતે ભાંગી પડયો હતો. તેણે કબુલાત આપી હતી કે, કોઇ બનાવ બન્યો જ નથી. પરંતુ પોતાને દેવુ થઇ જતા પોતે રાજકોટના સોની વેપારી પાસેથી દાગીના લઇ પ્રથમ ઉપલેટા પોતાના ઘરે તમામ દાગીના સંતાળી દીધેલ અને ઘરેથી પોતાના થેલામાં ઘરણેના ખાલી ડબ્બા ભરી પોતાના ભાઇનું એક્ટિવા લઇ ભાયાવદર જવા નિકળેલ અને ખાખીજારીયા ગામ નજીક રોડ પર એક્ટિવા ઉભુ રાખી થેલાની ચેન ખુલ્લી રાખી થેલો એક્ટિવા પર રાખી દઇ પોતે બેભાન થઇ પડી ગયા હોવાની ઢોંગ કર્યો હતો. જેથી રસ્તે જતા કોઇ માણસો ભેગા થઇ ગયા હતા અને ૧૦૮માં તેને દવાખાને ઉપલેટા લાવ્યા હતા અને આ હક્કિત રાજકોટના સોની વેપારી હિમાંશુભાઇ પાલાને કહી હતી. પોતાના પર દેવું વધી જતા આ ચોરીનું નાટક રચ્યું હોવાની કબુલાત આપી હતી. પોલીસે રાજકોટના સોની પ્રૌઢ જયેશભાઇ રાણીગાની ધરપકડ કરી ઘરમાં સંતાડેલ રૂ.૫૨ લાખના દાગીના કબ્જે કરી આગળની તપાસ શરૂ કરી હતી.

# ઉપલેટા ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ ટાવરના કેબલ અને બેટરી ચોરી કરતી ગેંગનો સાગરીત ઝબ્બે

**ગ્રામ્ય એલસીબીની ટીમે જામનગરના શખ્સને છોટા હાથી સાથે દબોચી લઈ રૂ.૪.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યોઃ અન્ય ત્રણ શખ્સોની શોધખોળ**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ બીએસએનએલના મોબાઈલ ટાવરમાંથી કેબલ અને એલ્યુમીનીયમ કાર્ડની ચોરી કરતી ગેંગ સક્રિય બની હોય ત્યારે ગ્રામ્ય એલસીબીની ટીમે જામનગર પંથકના એક શખ્સને ચોરાઉ મુદ્દામાલ સાથે દબોચી લઇ અન્ય ત્રણ તસ્કરોની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ ઉપલેટા-પોરબંદર રોડ પર શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં રહેતા અને બીએસએનએલ સબ ડિવિઝન ઉપલેટામાં એન્જીનીયર તરીકે ફરજ બજાવતા નવનિતભાઇ કેશુભાઇ દુધરેજીયાએ ઉપલેટા પોલીસમાં ફરીયાદ આપી હતી કે, કોઇ અજાણ્યા શખ્સો વહેલી સવારે મેખાટીંબી ગામે આવેલ બીએસએનએલના ટેલીફોન એકસચેન્જના મકાનમાં લોખંડની જાળીવાળુ સટર તોડી અંદર પ્રવેશ કરી બીટીએસ મશીનના ત્રણ કાર્ડ, સીસ્ટમમાંથી ટાવર સુધી જતા કેબલ સહિત કુલ રૂ.૧.૯૧ લાખનો મુદ્દામાલ ચોરી ગયાની ફરીયાદ નોંધાવી હતી. જેના પગલે ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એસ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી અને તેની ટીમના માણસો તસ્કરોને દબોચી લેવા પેટ્રોલિંગમાં હતા ત્યારે એએસઆઇ શક્તિસિંહ અને હેડ કોન્સ. કૌશિકભાઇને મળેલ હક્કિતના આધારે ખંભાળીયા રોડ પર ભાડાના મકાનમાં રહેતો અક્ષય રાજુ પરમારને છોટાહાથી વાહન નંબર જીજે૧૦ટીવાય૧૪૬૭માં ચોરાઉ કેબલ વાયર, એલ્યુમીનીયમના કાર્ડ તથા બેટરી સહિત કુલ રૂ.૪.૯૫ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો. પોલીસે આકરી પુછપરછ કરતા જામનગર પંથકમાં રહેતો તેનો સાગરીત પંકજ ઉર્ફે પકો મુકેશ ચુડાસમા, લાલો વિનુ પરમાર, ભરત રાજુ મકવાણા સહિતની ટોળકીએ અલગ-અલગ સ્થળોએ મોબાઈલ ટાવરનો સામાન ચોરી કર્યો હોવાની કબુલાત આપતા પોલીસે અન્ય ત્રણ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટ શહેર અને ગ્રામ્યના બે નામચીન બુટલેગરો પાસામાં ધકેલાયા

**પાંચ વખત પાસામાં જેલની હવા ખાઇ ચુકેલો જંગલેશ્વરનો ફિરોજ ઉર્ફે ફિરીયો અમદાવાદ જેલમાં અને નામચીન બુટલેગર ધવલ સાવલીયા વડોદરા જેલમાં ધકેલાયા**






**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો પૂર્વે શહેર અને ગ્રામ્યમાં દારૂનું પુરજોશમાં વેપલો કરી ચુકેલા બે નામચીન બુટલેગરોને પાસામાં અમદાવાદ અને વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવતા બુટલેગર આલમમાં સોપો પડી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના જંગલેશ્વરમાં આવેલ દેવપરા મેઈન રોડ પર આવેલ ખ્વાઝા એપાર્ટમેન્ટમાં રહેતો અને અગાઉ રાજકોટ સહિત અનેક શહેનાં ૩૪ જેટલા ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો અને પાંચ વખત પાસામાં જેલની હવા ખાઇ ચુકેલો નામચીન બુટલેગર ફિરોજ ઉર્ફે ફિરીયો હાસમ મેણુને પીસીબીની ટીમે અટકાયતમાં લઇ ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણની સુચનાથી પીએસઆઇ પી.બી.ત્રાજીયા, એએસઆઇ સંતોષભાઇ, મયુરભાઇ પટેલ સહિતના સ્ટાફે પાસાના કાગળો તૈયાર કરી અને તેના પર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મોહર લગાવી દેતા નામચીન બુટલેગર ફિરોજ ઉર્ફે ફિરીયાને અમદાવાદ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે.

જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૮થી વધુ પોલીસ સ્ટેશનના ચોપડે વિદેશી દારૂ વેચવાના ગુન્હામાં ચડી ચુકેલો નામચીન બુટલેગર ધવલ રશીક સાવલીયા (રહે. કોઠારીયા મેઇન રોડ, સાંઇબાબા સર્કલ, જે.કે.એપાર્ટમેન્ટ)ને ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી સહિતના સ્ટાફે અટકાયતમાં લઇ તેના પાસાના કાગળો તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલાવવમાં આવતા તેના પર રાજકોટ જીલ્લા મેજીસ્ટ્રેટ ડો.ઓમ પ્રકાશએ મોહર લગાવી દેતા નામચીન બુટલેગર ધવલ સાવલીયાને વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# બુલેટ અને બાઈક સામસામા અથડાતાં ચાલક સગીરનું મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એ-ડિવીઝન પોલીસે રામનાથપરા-૬માં રહેતાં અને સોની કામ કરતાં અશરફુલ હૈદરભાઈ મીર (ઉ.વ.૩૦)ની ફરિયાદ પરથી રોયલ ઈન્ફીલ્ડ બૂલેટ નં. જીજે૦૩એનક્યુ-૪૯૧૧ના ચાલક પ્રકાશ દેવાંગભાઈ ચૌહાણ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ૧૨મીએ રાતે દોઢેક વાગ્યે અશરફલ અને તેનો મિત્ર મહમદ મહેરાજ અબ્દુલ મંડલ બંને સોની બજારમાંથી હોન્ડા શાઈન જીજે ૦૩ડીબી-૭૪૩૬માં બેસી કાલાવડ રોડ તરફ ચા પીવા જતાં હતાં આ વખતે અશરફુલ હોન્ડા ચલાવી રહ્યો હતો. બંને મિત્રો ડો. યાજ્ઞિક રોડ સીટી પ્લાઝા કોમર્શિયલ કોમ્પલેક્ષ પાસે પહોંચ્યા ત્યારે જીલ્લા પંચાયત ચોક તરફથી ડલબ સવારીવાળુ બૂલેટ આવ્યું હતું. જે હોન્ડા શાઇન સાથે અથડાતાં અશરફુલ અને તેનો મિત્ર મહમદ મહેરાજ ફંગોળાઈ જતાં ઈજાઓ થઈ હતી. બૂલેટના ચાલકને પણ ઈજા પહોંચી હોઈ કોઈએ ૧૦૮ બોલાવતાં બધાને ıસરવાર માટે ખસેડાયા હતાં. દરમિયાન બૂલેટ ચાલકના પરિવારજનો પણ આવ્યા હતાં. એ પછી તેનું નામ પ્રકાશ દેવાંગભાઇ ચૌહાણ હોવાનું ખુલ્યું હતું. અકસમાતમાં મહમદ મહેરાજને પગમાં ફ્રેકચર થઈ ગયું હતું. જ્યારે બૂલેટ ચાલક પ્રકાશને પણ ગંભીર ઈજા પહોંચી હોઈ સારવાર માટે દાખલ કરાયો હતો. એ-ડિવીઝન પોલીસે પ્રકાશ વિરૂધ્ધ હેડકોન્સ. એન. બી. શીયાળે ગુનો નોંધ્યો હતો. સારવાર દરમિયાન ગત રાતે પ્રકાશ ચોહાણનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# કૃષ્ણનગરમાં કુખ્યાત શખ્સોએ ફરી લખણ ઝળકાવ્યાઃ મારમારીમાં પાંચ લોકોને ઈજા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જંગલેશ્વર વિસ્તારમાં આવેલા રાધાનગર કૃષ્ણનગરમાં રહેતાં ચેતનભાઈ ધીરૂભાઈ ચાવડા (ઉ.૪૦), પ્રભાતભાઈ કાળુભાઈ લાવડીયા(ઉ.૪૦) અને અરવિંદભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.૩૪), રાત્રીના વિક્રમ ચોકમાં હતાં ત્યારે વિશ્વજીત પ્રભાતભાઈ જળુ અને અરમાન મહેબુબભાઈ અજમેરી સહિત બે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. જ્યારે વળતા પ્રહારમાં વિશ્વજીત જળુ (ઉ.૨૧) અને અરમાન અજમેરી (ઉ.૨૧) ઉપર વિક્રમ ઉર્ફે ચેતન સહિતના શખ્સોએ તલવાર વડે હુમલો કરી માર માર્યો હતો. સામ સામે મારામારીમાં ઘવાયેલા પાંચેય યુવાનોને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે ચેતનભાઈ ચાવડાએ હુમલાખોર વિશ્વજીત જળુ અને અરમાન અજમેરી વિરૂધ્ધ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે અને ફરિયાદમાં જણાવ્યું હતું કે, રાત્રીના સમયે તે પોતાનું સ્કુટર લઈ ઘરે જતાં હતાં ત્યારે વિશ્વજીત જળુ અને અરમાન અજમેરી સહિતના ચારેય શખ્સો બિભત્સ ગાળો ભાંડી અહિં શેરીમાં હવે આપણને બેસવાની કોણ ના પાડે છે? જોઈએ અને ના પાડે તો છરીના ઘોદા મારી દેવા છે તેવું કહી ધમાલ મચાવતા હતાં જેથી ચેતનભાઈ ચાવડાએ જાહેરમાં ગાળો બોલવાની અને હોબાળો મચાવવાની ના પાડતાં છરી અને પાઈપ વડે હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં નોંધાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વજીત જળુ અગાઉ દારૂના ગુનામાં અને અનવર અજમેરી છરી સાથે પોલીસની ઝપટે ચડી ચુકયો હોવાનું જાણવા મળ્યું છે. ચેતનભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદના આધારે ભક્તિનગર પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

# ગજ્જુ અભિનેત્રી નેહા જોષી હવે હિન્દી વેબસિરિઝ 'ગાય-ગુણોની ખાણ'માં અભિનયના ઓજસ પાથરશે

**''મારો સાથી'' ગુજરાતી ફિલ્મથી ડેબ્યું કરનાર નેહાએ અનેક ગુજરાતી ફિલ્મોમાં હિરોઈનની ભૂમિકા નિભાવી છે અભિનય એ જ મારું પેશન છે- નેહા**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતી ફિલ્મોની જાણીતી અભિનેત્રી નેહા જોશી હવે નવી બની રહેલી હિન્દી વેબ સિરીઝ ''ગાય-ગુણોની ખાણ ''માં પોતાના અભિનયના ઓજસ પાથરશે દિવાળી બાદ તુરંત આ વેબ સિરીઝનું મુંબઇ ખાતે શુટિંગ શરૂ થશે. ગુજરાતી ફિલ્મોની જાણીતી અભિનેત્રી નેહા જોશી કહે છે કે, અભિનય એ જ મારું પેશન છે, એકવાર હું મારું કામ શરુ કરું ત્યારબાદ હું માત્ર ને માત્ર તે કામને જ પ્રાયોરીટી આપું છું. અર્જુનને જેમ માત્ર પક્ષીની આંખ જ દેખાતી હતી તેમ મને પણ મારા કામ સિવાયની કોઈ બાબત યાદ રહેતી નથી તેમાં જ હું ગળાડૂબ થઇ જાઉં છું. જો તમે તમારા કામ સાથે જ એકાકાર થઇ જાવ તો જ તમે તેને બરાબર ન્યાય આપી શકો છે. જીવનમાં તમે જે ક્ષેત્રમાં હોવ તે ક્ષેત્રમાં તમારું બેસ્ટ પ્રદાન આપો, હું એ જ સિદ્ધાંતમાં માનું છું.



મુંબઈમાં નાની મોટી સીરીયલોમાં કામ કર્યા બાદ નેહાએ ગુજરાતી ફિલ્મ મારો સાથી- ગુજરાતી ફિલ્મથી ગુજરાતી ચલચિત્ર ક્ષેત્રે પોતાનું પદાર્પણ કર્યાં બાદ પાછું વળીને જોયું નથી એક પછી એક એમ સળંગ તેમને દોઢ ડઝનથી વધુ ગુજરાતી ફિલ્મોમાં પોતાના અભિનયના ઓજસ પાથરવાની સાથે સાથે અનેક હિન્દી સીરીયલો અને ફિલ્મોમાં પણ કામ કર્યું છે. લેજન્ડરી ડીરેક્ટર બસુ ચેટર્જીના બેનરમાં અને તેમના જ દિગ્દર્શનમાં બનેલી સીરીયલ ''એક પ્રેમ કથા'' અને સાગર આર્ટ્સમાં ઓડીશન આપીને ''સાઈબાબા''માં જાનકીનું પાત્ર બખૂબી નિભાવીને નેહાએ દર્શકોના દિલ જીતી લીધા હતા. ત્યાર બાદ પૃથ્વીરાજ ચૌહાણમાં ચિત્રલેખાના પત્રમાં દર્શકોની ભારે દાદ નેહાએ મેળવી હતી. બ્યુટી વિથ બ્રેઈન એવી નેહાના વિચારો કૈક અલગ જ છે. નેહા સ્પષ્ટપણે માને છે કે, ભણેલી ગણેલી સ્ત્રીઓને એમ લાગે છે કે, હવે ભણી લીધું અને આપણે આર્થિક રીતે પગભર છીએ તો કોઈ પાર્ટનરની જરૂર નથી તેવું આજની સ્ત્રીઓ માને છે. પરંતુ આં પ્રકારની વિચારશૈલી અનેક પ્રકારની મુશ્કેલીઓ નોતરે છે. લગ્ન પણ જરૂરી છે. પરંતુ લગ્ન પછી સ્ત્રીને કામકાજ માટે કોઈ બંધી નાં હોવી જોઈએ તેને પોતાની કારકિર્દી માટેની પૂરતી તકો ઉપલબ્ધ થવી જ જોઈએ.

નેહા જોશી સ્પષ્ટપણે માને છે કે, આપણા સમાજમાં હજુ પણ અસમાનતા પ્રવર્તે છે. કેટલીકવાર દીકરીઓને જે ભણવું હોય તે ભણવા મળતું નથી. ઉપરાંત ચોક્કસ ઉમરે તેમના લગ્ન કરાવી દેવાય છે. તેથી તેઓ પોતાની કારકિર્દી બનાવી શકતી નથી અને જીવનમાં નાસીપાસ થઇ જાય છે. આ તમામ પાસાઓમાં જયારે પરિવર્તન આવશે ત્યારે જ ખરા અર્થમાં દેશે વિકાસ કર્યો છે, તેમ આપણે કહી શકીશું.

નેહાનું માનવું છે કે, તેને હજુ પણ વધુને વધુ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથરવા છે. ખાસ કરીને જાણીતી અભિનેત્રી શર્મિલા ટાગોરે ''અમરપ્રેમ'' ફિલ્મમાં જે રોલ અદા કર્યો છે તેવો જ રોલ તેમને અદા કરવો છે અને એવી જ રીતે ''ખૂન ભરી માંગ'' અને યાદગાર ફિલ્મ ''પાકીઝા''માં અભિનેત્રીઓ ધ્વારા જે રોલ કરવામાં આવ્યા છે તેવા જ આઈકોનિક અને યાદગાર રોલ તેઓ ભજવવા ઈચ્છે છે. નેહા જોશી સ્પષ્ટપણે મને છે કે, દુનિયામાં તમે જે ક્ષેત્રમાં કામ કરતા હોવ, તે ક્ષેત્રમાં તમારા કામ ઉપર જો બરાબર ફોકસ કરીને કામ કરશો તો દુનિયાની કોઈ તાકાત તમને હરાવી શકશે નહિ અને તો જ તમે તમારા ક્ષેત્રમાં ટોપ ઉપર પહોચી શકશો અને ત્યાં ટકી પણ શકશો. કઠોર પરિશ્રમનો કોઈ જ વિકલ્પ નથી. સિદ્ધિ તેને જઈને વરે જે પરસેવે નહાય તે ગુજરાતી કહેવત સો ટકા સાચી છે.

**નેહાનું માનવું છે કે, તેને હજુ પણ વધુને વધુ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથરવા છે. ખાસ કરીને જાણીતી અભિનેત્રી શર્મિલા ટાગોરે ''અમરપ્રેમ'' ફિલ્મમાં જે રોલ અદા કર્યો છે તેવો જ રોલ તેમને અદા કરવો છે અને એવી જ રીતે ''ખૂન ભરી માંગ'' અને યાદગાર ફિલ્મ ''પાકીઝા''માં અભિનેત્રીઓ દ્વારા જે રોલ કરવામાં આવ્યા છે તેવા જ આઈકોનિક અને યાદગાર રોલ તેઓ ભજવવા ઈચ્છે છે**